dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 288 | AD - 2025, Ashadh Vad-12 | Tuesday, Dt.22-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ભારતનો ધ્વજ ફરકાવવો એ દરેક ભારતીય માટે ગર્વની ક્ષણ

# ઓપરેશન સિંદૂરમાં ૧૦૦ ટકા લક્ષ્ય પ્રાપ્ત થયા : મોદી

નવીદિલ્હી,તા.૨૧

ચોમાસુ સત્રની શરૂઆતમાં, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદ પરિસરમાં દેશને સંબોધન કર્યું હતું. તેમણે આ ચોમાસા સત્રને વિજયનો ઉત્સવ ગણાવ્યો છે. ચોમાસુ સત્રમાં ભાગ લેવા માટે વડાપ્રધાન મોદી સહિત વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ સંસદ પરિસરમાં પહોંચ્યા હતા. સત્ર શરૂ થાય તે પહેલાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદ પરિસરમાં મીડિયા દ્વારા દેશને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે "સંસદનું આ ચોમાસુ સત્ર વિજય ઉત્સવ જેવું છે. આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ભારતનો ધ્વજ ફરકાવવો એ દરેક ભારતીય માટે ગર્વની ક્ષણ છે. બધા સાંસદો અને દેશવાસીઓ એક અવાજે આ સિદ્ધિની પ્રશંસા કરશે. આ આપણા ભવિષ્યના મિશન માટે પ્રેરણારૂપ રહેશે."

"આ ચોમાસુ સત્ર વિજયનો ઉત્સવ છે. આખી દુનિયાએ ભારતની લશ્કરી શક્તિનો સ્વીકાર કર્યો છે. ભારતીય સેના દ્વારા ઓપરેશન સિંદૂરમાં નિર્ધારિત લક્ષ્ય ૧૦૦% પ્રાપ્ત થયું હતું. ઓપરેશન સિંદૂર હેઠળ, આતંકવાદીઓના માસ્ટરના ઘરો ૨૨ મિનિટમાં જમીનદોસ્ત કરી દેવામાં આવ્યા હતા." મેડ ઈન



ઈન્ડિયા લશ્કરી શક્તિના આ નવા સ્વરૂપ પ્રત્યે વિશ્વ ખૂબ આકર્ષિત થયું છે. આ દિવસોમાં, જ્યારે પણ હું વિશ્વના લોકોને મળું છું, ત્યારે ભારત દ્વારા બનાવવામાં આવતા મેડ ઈન ઈન્ડિયા શસ્ત્રો પ્રત્યે પ્રશંસા વ્યક્ત કરે છે એ બતાવે છે કે મેડ ઈન ઈન્ડિયા શસ્ત્રો પ્રત્યે વિશ્વનું આકર્ષણ વધી રહ્યું છે." "આર્થિક ક્ષેત્રમાં, જ્યારે તમે બધાએ ૨૦૧૪ માં અમને જવાબદારી સોંપી હતી, ત્યારે દેશ નાજુક તબક્કામાંથી પસાર થઈ રહ્યો હતો. ૨૦૧૪ પહેલા, આપણે વૈશ્વિક અર્થતંત્રમાં દસમા ક્રમે હતા. આજે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે." "આજે આપણા સુરક્ષા દળો નક્સલવાદનો અંત લાવવા માટે એક નવા આત્મવિશ્વાસ અને સંકલ્પ સાથે આગળ વધી રહ્યા છે. આજે ઘણા જિલ્લાઓ નક્સલવાદથી મુક્ત છે. અમને ગર્વ છે કે ભારતીય બંધારણ નક્સલવાદ સામે વિજયી બની રહ્યું છે. 'લાલ કોરિડોર' 'લીલા વિકાસ ક્ષેત્રો'માં ફેરવાઈ રહ્યા છે.

### ટ્રમ્પે ૨૪ વાર કહ્યું, મારા લીધે યુધ્ધ સમાપ્ત થયું, આ દેશ માટે અપમાનજનક : મલ્લિકાર્જુન ખડગે

સોમવારે રાજ્યસભામાં પહેલગામ આતંકવાદી હુમલાનો મુદ્દો ગરમાયો. રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ ૨૨ એપ્રિલના રોજ થયેલા હુમલા અંગે સરકારને તીખા પ્રશ્નો પૂછ્યા. મલ્લિકાર્જુન ખડગેએ નિયમ ૨૬૭ હેઠળ ચર્ચાની માંગ કરી અને કહ્યું કે પહેલગામ હુમલાના આતંકવાદીઓ અત્યાર સુધી પકડાયા નથી કે માર્યા ગયા નથી. તેમણે જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નરના નિવેદનને ટાંકીને ગુપ્તચર નિષ્ફળતાનો આરોપ લગાવ્યો. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે ઉપરાજ્યપાલે સ્વીકાર્યું કે ગુપ્તચર નિષ્ફળતા હતી. અમને માહિતી આપવી જોઈએ. તે જ સમયે, મલ્લિકાર્જુન ખડગેએ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન પર સરકારને ઘેરી લીધી. તેમણે કહ્યું કે ટ્રમ્પે ૨૪ વાર કહ્યું કે ભારત- પાકિસ્તાન યુદ્ધ મારા હસ્તક્ષેપને કારણે સમાપ્ત થયું. આ દેશ માટે અપમાનજનક છે. તેમણે કહ્યું કે તમે દુનિયાને જે કંઈ કહ્યું, અમને કહ્યું, ભારતના લોકોને 'ઓપરેશન સિંદૂર' વિશે કહ્યું, તે પછી અમને માહિતી આપવી જોઈએ. મલ્લિકાર્જુન ખડગેની માંગ પર, ગૃહના નેતા જેપી નડ્ડાએ કહ્યું કે એવો સંદેશ ન જવો જોઈએ કે સરકાર 'ઓપરેશન સિંદૂર' પર ચર્ચા કરવા માંગતી નથી. સરકાર તેના પર ચર્ચા કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમણે કહ્યું કે અમે બિઝનેસ એડવાઈઝરી કમિટીમાં સમય ફાળવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. અમે દરેક મુદ્દા પર ચર્ચા કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ. ઓપરેશન સિંદૂરના આઠ દિવસમાં જે બન્યું તે આઝાદી પછી દેશમાં કોઈપણ ઓપરેશન દરમિયાન ક્યારેય બન્યું ન હતું. તેમણે કહ્યું કે તેઓ ઈતિહાસમાં જવા માંગતા નથી.

# રાજ્યસભામાં ૫૪ સાંસદોનો જસ્ટિસ વર્મા સામે મહાભિયોગના પ્રસ્તાવને ટેકો

નવીદિલ્હી,તા.૨૧

કેશકાંડમાં ફસાયેલા જસ્ટિસ યશવંત વર્મા સામે મહાભિયોગ પ્રસ્તાવ લાવવા માટે સંસદના બંને ગૃહોના સ્પીકરને લેટર આપવામાં આવ્યો છે. લોકસભા સ્પીકર ઓમ બિરલાને ૧૪૫ સાંસદોના હસ્તાક્ષરવાળો પત્ર મળ્યો છે, જેમાં મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની ભલામણ કરવામાં આવી છે. બપોરે ૨ વાગ્યે વિપક્ષી દળોના નેતાઓએ લોકસભા સ્પીકર ઓમ બિરલા સાથે મુલાકાત કરી અને મહાભિયોગ પ્રસ્તાવને સમર્થનવાળો પત્ર સુપરત કર્યો હતો.

આ સાથે જ મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની માંગ કરનારા સાંસદોની કુલ સંખ્યા ૧૪૫ થઈ ગઈ છે. આ ઉપરાંત, રાજ્યસભામાં અધ્યક્ષ ધનખડને પણ આવો પત્ર આપવામાં આવ્યો છે, જેમાં રાજ્યસભામાં ૫૪ સાંસદોએ જસ્ટિસ વર્મા સામે મહાભિયોગ પ્રસ્તાવને ટેકો આપ્યો છે.

### આ નીતિઓનો મુખ્ય ઉદ્દેશ્ય CBSE બોર્ડની પરીક્ષાઓની પારદર્શિતા, નિષ્પક્ષતા અને સુરક્ષા વધારવાનો છે

# તમામ શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાડવાનો કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડનો આદેશ

**આ નિર્ણય વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવાનો વ્યાપક પ્રયાસ**

નવીદિલ્હી,તા.૨૧

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડએ તમામ શાળાઓમાં રીયલ-ટાઈમ ઓડિયો-વિઝ્યુઅલ રેકોર્ડિંગ સાથેના હાઈ-રિઝોલ્યુશન CCTV કેમેરા લગાવવા માટે ફરજિયાત નિયમ લાગુ કરી દીધો છે. આ નિર્ણય વિદ્યાર્થીઓની




સલામતી સુનિશ્ચિત કરવાના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે. આનાથી શાળાઓમાં કોઈપણ પ્રકારની શિસ્તભંગ, અસામાજિક પ્રવૃત્તિ કે સુરક્ષા ભંગ પર તુરંત કાર્યવાહી કરી શકાશે. આ નીતિઓનો મુખ્ય ઉદ્દેશ્ય CBSE બોર્ડની પરીક્ષાઓની પારદર્શિતા, નિષ્પક્ષતા અને સુરક્ષા વધારવાનો છે. વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સીબીએસઈના સચિવ હિમાંશુ ગુપ્તાએ બોર્ડની તમામ શાળાઓમાં આ આદેશ જારી કરી દીધો છે. નિયમ મુજબ હવે તમામ શાળાઓના પ્રવેશદ્વાર, રસ્તાઓ, સીડીઓ, વર્ગખંડો, પ્રયોગશાળાઓ, પુસ્તકાલય, કેન્ટીન, સ્ટોર રૂમ, રમતગમત મેદાન અને અન્ય કૉમન એરિયામાં ફરજિયાત સીસીટીવી કેમેરા લગાવવા પડશે. જોકે શૌચાલયને નિયમમાંથી બહાર રખાયું છે.

## મુંબઈ ટ્રેન બ્લાસ્ટના તમામ આરોપીઓ નિર્દોષ જાહેર : બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો

મુંબઈ,તા.૨૧

સોમવારે, મુંબઈ હાઈકોર્ટે ૧૯ વર્ષ પછી ૨૦૦૬ના મુંબઈ લોકલ ટ્રેન બ્લાસ્ટ કેસમાં ચુકાદો આપ્યો છે. કોર્ટે પોતાના ચુકાદામાં તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. નીચલી કોર્ટે આ કેસમાં ૧૨ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા અને ૫ને મૃત્યુદંડ અને ૭ને આજીવન કેદની સજા ફટકારી હતી. આ ૧૨ આરોપીઓમાંથી એકનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. બાકીના ૧૧ આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. આ ઘટનામાં ૧૮૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. ચુકાદો આપતી વખતે, ન્યાયાધીશ અનિલ કિલોર અને ન્યાયાધીશ એસ.જી. ચાંડકની ડિવિઝન બેન્ચે કહ્યું કે ફરિયાદ પક્ષ કેસ સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે, તેથી તેમણે ગુનો કર્યો છે કે નહીં તે માનવું મુશ્કેલ છે. તેમની સજા રદ કરવામાં આવે છે. સમગ્ર કેસની તપાસ કરનાર મહારાષ્ટ્ર એટીએસ માટે શરમજનક બાબત છે. ન્યાયાધીશ અનિલ કિલોર અને ન્યાયાધીશ શ્યામ ચાંડકની વિશેષ બેન્ચે કહ્યું કે ફરિયાદ પક્ષ ગુનામાં ઉપયોગમાં લેવાયેલા બોમ્બના પ્રકારને રેકોર્ડ પર લાવી શક્યો નથી. ફરિયાદ પક્ષ દ્વારા આધારભૂત પુરાવાના આધારે આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા છે તે નિર્ણાયક નથી.









# લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી)નો પદગ્રહણ સમારોહ યોજાયો

અમરેલી,તા.૨૧

અમરેલીના સારહી તપોવન આશ્રમ ખાતે લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી)નો પદગ્રહણ સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં ઉપસ્થિત રહેલા દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે સામાજિક મુશ્કેલીનો સામનો, સંગઠન સમાજ અને સામાજિક સંસ્થાઓનો સાથ અને સહકાર પરિણામ લાવનાર હોય છે. નવનિયુક્ત લાયન્સ ક્લબ ઓફ અમરેલી સિટીના તમામ સભ્યોને દિલીપભાઈ સંઘાણીએ અભિનંદન પાઠવ્યા હતા. આ તકે હાજર રહેલા ઈન્સ્ટોલિંગ ઓફિસર મોનાબેન શેઠે સનાતન સંસ્કૃતિ આધારિત કાર્યશક્તિ ઉપરના સવિસ્તાર પ્રભાવક પ્રવચનથી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. વધુમાં મોનાબેન શેઠે જણાવ્યું હતું કે સામાજિક ભૂમિકામાં અને સામાજિક સેવા કાર્યોમાં લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી)ને સૌનો સહયોગ મળતો રહ્યો છે તે સૌભાગ્યની વાત કહી શકાય. યુવાનો દેશનું ભવિષ્ય છે તેવા સમયે સંસ્થાની વિચારધારા યુવાનીપૂર્વક કાર્યરત રહે તે સંસ્થા અને સમાજ માટે હિતકારી નીવડે છે. લાયન્સ ક્લબ ઓફ અમરેલી સિટીના નવનિયુક્ત પ્રમુખ ઋજુલભાઈ ગોંડલીયાએ આગામી વર્ષની સેવાકીય




પ્રવૃત્તિઓને વેગ સંપન્નતા બક્ષતી ક્લબની પરંપરાને સતત આગળ વધારવા કટિબદ્ધતા વ્યક્ત કરી હતી અને વ્યવસાયિક અને સામાજિક જવાબદારીઓની સાથોસાથ લાઈનવાદના ઉદ્દેશો અને ધ્યેયને ચરિતાર્થ કરવા દરેક લાયન્સ મિત્રોને વર્ષ દરમિયાન ઓછામાં ઓછો એક સેવાકિય પ્રોજેકટ આપી લાયનવાદની જ્યોતને વધુ પ્રજ્વલિત કરી સમાજના તમામ સ્તરને ઉપયોગી થવા અપીલ કરી હતી. આ પદગ્રહણ સમારોહમાં નારણભાઈ કાછડીયા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, મુકેશભાઈ સંઘાણી, મનીષભાઈ સંઘાણી, લા.જયેશભાઈ પંડ્યા, પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નર વસંતભાઈ મોવલીયા, કૌશિકભાઈ હપાણી, લાયન્સ ક્લબ અમરેલી (મેઈન)ના પ્રમુખ બકુલભાઈ ભટ્ટ, લાયન્સ ક્લબ ઓફ અમરેલી (રોયલ)ના પ્રમુખ રાકેશભાઈ નાકરાણી સહિત વિવિધ સંસ્થાઓના આગેવાનો તેમજ રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. શપથ વિધિ સમારોહમાં લાયન્સ ક્લબ અમરેલી (સિટી)ની પ્રવૃત્તિમાં સહયોગી સંસ્થાઓને અભિવાદિત કરવામાં આવી હતી. લા. દિનેશભાઈ સોરઠીયા દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. સ્વાગત ઉદ્‌બોધન લા. મનોજભાઈ કાનાણીએ કર્યું હતું. આભાર વિધિ લા. રાજેશભાઈ માંગરોળીયાએ કરી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલક ઉદઘોષક લા. શરદભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું તેમ લા.પરેશભાઈ કાનપરિયાની યાદીમાં જણાવાયું છે.

# જિલ્લા ભાજપના ૩૯૨ શક્તિકેન્દ્રના સંયોજકોની બેઠક મળી

અમરેલી,તા.૨૧




અમરેલી જિલ્લા ભાજપના ૩૯૨ શક્તિકેન્દ્રોના સંયોજકોની વિધાનસભા મુજબ અલગ-અલગ સ્થળોએ સત્યાપન અંગેની બેઠકો બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં કાર્યકર્તાઓમાં સક્રિયતા લાવીને દરેક વિધાનસભા વિસ્તારમાં ભાજપનો વ્યાપ વધે અને આગામી ચૂંટણીને અનુલક્ષીને કાર્યકર્તાઓને જનસેવાના કાર્યોમાં સક્રીયતા લાવવાના આહ્‌વાન સાથે સંયોજકોની જવાબદારી અંગે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ માર્ગદર્શન આપેલ. આ બેઠકમાં સંયોજકોને માર્ગદર્શન આપવા જૂનાગઢ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ પુનિતભાઈ શર્મા વિધાનસભા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લાની પાંચ વિધાનસભા પૈકીના અમરેલી, બાબરા, ધારી, સાવરકુંડલા અને રાજુલા વિધાનસભાનાં કુલ ૩૭૦ સંયોજકોની સાથે તાલુકા અને શહેર ભાજપના પ્રમુખ તેમજ મહામંત્રીઓ ઉપસ્થિત રહેલ. આ બેઠકોમાં સ્થાનિક ધારાસભ્યો- કૌશિકભાઈ વેકરીયા, મહેશભાઈ કસવાળા, જે.વી. કાકડીયા, હીરાભાઈ સોલંકી અને જનકભાઈ તળાવીયાએ અલગ-અલગ વિધાનસભા પ્રમાણેની બેઠકોમાં સંયોજકોને માર્ગદર્શન સાથે રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ અંગે જાણકારી આપી હતી.

# લીલીયા મોટા SBI બેંકનો વહીવટ કથળતા ખાતેદારોમાં ભારે રોષ

**કર્મચારીઓ બિનગુજરાતી હોવાથી સિનિયર સિટીજનોને મુશ્કેલી**

લીલીયા,તા.૨૧

લીલીયા શહેરમાં આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા શાખાનો ઘણા સમયથી વહીવટ કથળ્યો હોવાના કારણે મોટાભાગના ગ્રાહકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વર્તમાન સમયમાં બેંક સ્ટાફ કર્મચારીઓ બિનગુજરાતી હોવાથી સ્થાનિક ગ્રાહકો અને તેમાં ખાસ સિનિયર સિટીજનોને ભાષાકીય મુશ્કેલી પડી રહી છે, તેવા સમયે એ.ટી.એમ. મશીન પણ કોઈ કારણોસર પાછલા કેટલાક દિવસોથી બંધ હોવાથી ખાતેદારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ બાબતે બેંકમાં અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. જેથી ખાતેદારોમાં ભારે રોષની લાગણી જન્મી છે.




# બગસરામાં ધરતી રક્ષા એગ્રો પ્રોડ્યુસર કંપની દ્વારા પ્રાકૃતિક મોલનું ઉદ્‌ઘાટન

બગસરા,તા.૨૧

બગસરા સ્થિત વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ પ્રેરિત ધરતી રક્ષા એગ્રો પ્રોડ્યુસર કંપની છેલ્લા આઠ વર્ષથી પ્રાકૃતિક કૃષિ અભિયાન ચલાવી રહી છે. ખેડૂતોનો ઉત્પાદન ખર્ચ ઘટાડવા અને રસાયણમુક્ત ખેતીને પ્રોત્સાહન આપવાના પ્રયાસરૂપે, શનિવારે એક પ્રાકૃતિક મોલ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. સ્વામિનારાયણ મંદિરના સંત વિવેક સ્વામી, પ્રફુલ્લભાઈ સેંજળિયા, કુલદિપભાઈ દિક્ષિત, શહેરના અગ્રણીઓ, ખેડૂતો અને મહિલા મંડળની બહેનોની ઉપસ્થિતિમાં આ મોલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.


તસવીર : હાર્દિક બામટા

# લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટના પદાધિકારીઓ માટે "સ્કૂલિંગ - અમૂલ્ય" કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૨૧

સારાહિ તપોવન આશ્રમ, અમરેલી મુકામે લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨-જે, રીજીયન-૫ દ્વારા નવનિયુક્ત પદાધિકારીઓ માટે "સ્કૂલિંગ - અમૂલ્ય" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નર વસંતભાઈ મોવલીયાએ દીપ પ્રાગટ્ય કર્યું હતું. લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી)ના પ્રમુખ લાયન ઋજુલભાઈ ગોંડલીયાએ સ્વાગત ઉદ્‌બોધન કર્યું, જ્યારે રીજીયન ચેરપર્સન લાયન જયેશભાઈ પંડ્યાએ સ્કૂલિંગ કાર્યક્રમની રૂપરેખા અને મહત્વ સમજાવ્યું. ડિસ્ટ્રીક્ટ ગવર્નર લાયન અભયભાઈ શાહ ઓનલાઈન જોડાયા હતા. આ સ્કૂલિંગમાં પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નર કમલેશભાઈ શાહ અને વિનોદભાઈ સરવૈયા સહિતના



અગ્રણીઓએ લાયન્સ વ્યવસ્થાપન, ફરજો, જવાબદારીઓ, લીડરશીપ, ક્લબ ફાયનાન્સ, રિપોર્ટિંગ, બ્રાન્ડિંગ, ટીમવર્ક અને સેવા પ્રોજેક્ટ્સ સહિતના વિષયો પર સવિસ્તર માહિતી આપી હતી. "સ્કૂલિંગ એ માત્ર તાલીમ નથી - તે એક શ્રેષ્ઠ નેતૃત્વના નિર્માણ માટેનું મોટું રોકાણ છે" તેમ જણાવી, પદાધિકારીઓને સમાજ માટે પ્રેરણાસ્ત્રોત બનવા અપીલ કરાઈ હતી. અમરેલી, સિહોર, સાવરકુંડલા અને ભાવનગરમાંથી કુલ સાત લાયન્સ ક્લબના પદાધિકારીઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન લાયન શરદભાઈ વ્યાસે કર્યું હતું અને આભાર વિધિ લાયન પરેશભાઈ કાનપરિયાએ કરી હતી.

**કાર્યક્રમમાં પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નર વસંતભાઈ મોવલીયા, કમલેશભાઈ શાહ અને વિનોદભાઈ સરવૈયા સહિતના અગ્રણીઓ હાજર રહ્યા**

# રાજુલા તાલુકા ફેમિલી પેન્શનર મંડળની કારોબારી રચના કરાઈ

રાજુલા,તા.૨૧

રાજુલા તાલુકામાં ફેમિલી પેન્શન મેળવતા નિવૃત્ત કર્મચારીઓનું વિશાળ સંગઠન ઊભું થયું છે. તાજેતરમાં, ગાયત્રી શક્તિ પીઠ હોલમાં આ પેન્શન મંડળની બેઠક યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા. આ બેઠકમાં અમરેલી જિલ્લા પેન્શન મંડળના પ્રમુખ રાજુભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પેન્શનરોને કાયદાકીય સમજણ આપી અને ખાતરી આપી કે કોઈપણ પ્રશ્ન હોય તો તેમને રૂબરૂ અથવા ફોન દ્વારા જણાવી શકે છે અને તેઓ તેનું નિરાકરણ લાવશે. જાફરાબાદ તાલુકા પેન્શનર મંડળના પ્રમુખ નરેશભાઈ ચૌહાણ પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા. આ બેઠકમાં મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું અને કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં સર્વસંમતિથી મેરૂભાઈ મકવાણા પ્રમુખ, ભુપતભાઈ જોશી અને બચુભાઈ ચૌહાણ ઉપપ્રમુખ, ભણકુભાઈ ચાંદુ મંત્રી, મંગળાબેન ગોંડલીયા સહમંત્રી અને ભાયાભાઈ વાળા ખજાનચી તરીકે નિમણૂક પામ્યા હતા.


તસવીર : ગોપાલ રાઠોડ

**બેઠકમાં મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું**

# ધારાસભ્ય કૌશિક વેકરીયાના પ્રયત્નોથી પ્રા.શાળાઓમાં વિકાસ કાર્યો હાથ ધરાશે

અમરેલી,તા.૨૧

અમરેલી-કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાના પ્રયાસોથી અમરેલી અને કુંકાવાવ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મોટા પાયે વિકાસ કાર્યો હાથ ધરવામાં આવશે. કુલ ૨૨ પ્રાથમિક શાળાઓમાં ૬૭ નવા વર્ગખંડો મંજૂર થયા છે, જ્યારે ૧૦૫ ક્લાસરૂમનું રીનોવેશન પણ કરાશે. આ ઉપરાંત, ૧૫ શાળાઓમાં ગર્લ્સ ટોયલેટ બ્લોક અને ૧૮ શાળાઓમાં બોયઝ તથા દિવ્યાંગો માટેના ટોયલેટ બ્લોક બનશે. ૧૭ પ્રાથમિક શાળાઓમાં નવા મધ્યાહન ભોજન શેડ અને ૧૪ પ્રાથમિક શાળાઓમાં કમ્પાઉન્ડ વોલ પણ મંજૂર કરવામાં આવી છે. આ તમામ કાર્યો માટે કુલ ૧૮.૫૭ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. કૌશિકભાઈ વેકરીયાએ જણાવાયું છે કે આ વિકાસ કાર્યો આગામી દિવસોમાં શરૂ થશે, જેનાથી પ્રાથમિક શિક્ષણના સ્તરમાં સુધારો થશે.



Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




સોના-ચાંદીની
ખરીદી માટે
આજે જ પધારો
અમારી કોઈપણ બ્રાન્ચ પરથી ખરીદી કરી શકો છો... તો રાહ શેની જુઓ છો... આજે જ પધારો...
શ્રીનાથજી જ્વેલર્સ (અમરાપુર વાળા)
અંકિત સોની: 99257 57581 / 92650 95977
ભીડભંજન રોડ, નેપ્ચ્યુન હોટલ પાસે, SBI બેંકની સામે, અમરેલી.
બ્રાન્ચ-૧
યમુના જ્વેલર્સ (અમરાપુર વાળા)
હિરેન સોની: 94292 20847 / 8141207736
ચકકરગઢ રોડ, ફાટક ઉતરતા, અમૃતનગર શેરી નં.૨, સહજ હોલની બાજુની ગલીમાં, અમરેલી.
બ્રાન્ચ-૨
શ્રી યમુના જ્વેલર્સ (અમરાપુર વાળા)
વિરેન સોની: 98246 28370
હઠીલા હનુમાન મંદિર પાછળ, કાબરીયાના ડેલા સામે, અમરેલી.

# લીલીયાને મળશે આધુનિક આરોગ્ય સેવાઓ, રૂ.૭ કરોડના ખર્ચે હોસ્પિટલનું નવીનીકરણ થશે

અમરેલી,તા.૨૧

સાવરકુંડલા - લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા લીલીયા ખાતે આવેલી હોસ્પિટલના નવીનીકરણ માટે રૂ.૭ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવતા લીલીયા શહેરને આધુનિક આરોગ્ય સેવાઓ મળશે. રૂ.૭ કરોડનો ઉપયોગ હોસ્પિટલ બિલ્ડીંગના નિર્માણ, ફર્નિચરની વ્યવસ્થા અને સુધારણા માટે કરવામાં આવશે. આ પ્રોજેક્ટથી



લીલીયાની આરોગ્ય સુવિધાઓમાં વધારો થશે. દર્દીઓને વધુ સારી તબીબી સારવાર પૂરી પાડવામાં મદદરૂપ થશે.

હાલ હોસ્પિટલનું બિલ્ડીંગ ખૂબ જ જૂનું અને જર્જરિત હોય ત્યારે ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ હોસ્પિટલને અદ્યતન બનાવવા માટે લીલીયા તાલુકા વતી રજૂઆતો કરી હતી જેથી ધારાસભ્યની રજૂઆતને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા રૂ. ૭ કરોડ ફાળવવામાં આવતા ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલનો આભાર માન્યો હતો.

# અમરેલીના યુવાનો માટે સંરક્ષણ દળમાં જોડાવા નિઃશુલ્ક નિવાસી તાલીમ

અમરેલીતા.૨૧

અમરેલી, ૨૧ જુલાઈ, ૨૦૨૫: અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા સંરક્ષણ દળમાં જોડાવા ઈચ્છુક યુવાનો માટે ૩૦ દિવસના નિઃશુલ્ક નિવાસી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમમાં રહેવા તથા જમવાની સવલત સાથે શારીરિક અને લેખિત કસોટીની તાલીમ અપાશે.

૧૭.૫ થી ૨૩ વર્ષની વયના, ધો.૧૦ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા શારીરિક અને માનસિક રીતે સક્ષમ ઉમેદવારો અરજી કરી શકે છે. અરજી ફોર્મ જિલ્લા રોજગાર કચેરી અથવા @ EMPARELI પરથી મેળવી શકાય છે. અરજી ૧૫ દિવસમાં જિલ્લા રોજગાર કચેરી, અમરેલી ખાતે મોકલવાની રહેશે. વધુ વિગત માટે (૦૨૭૯૨) ૨૨૩૩૯૪ પર સંપર્ક કરવો.

## બ્રહ્માકુમારીના ઇન્ટરનેશનલ મોટીવેશનલ સ્પીકર ડો. સ્વામીનાથન સંજોગ ન્યૂઝની મુલાકાતે



અમરેલી ખાતે આવેલ બ્રહ્માકુમારીના ઈન્ટરનેશનલ મોટીવેશનલ સ્પીકર ડો. સ્વામીનાથન, બ્રહ્માકુમારી મિતાલી દીદી, કંચન દીદી, ખુશી દીદી , બ્રહ્માકુમાર બિમલભાઈ તથા યોગેશભાઈ દ્વારા સંજોગ ન્યૂઝની મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત વેળાએ સંજોગ ન્યૂઝના તંત્રી વસંતભાઈ મોવલીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંજોગ ન્યૂઝ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેમ બ્રહ્માકુમારી ભાઈ-બહેનો દ્વારા જણાવવામાં આવ્યું હતું.

**શહીદ મનીષ મહેતા મેમોરિયલ ટ્રસ્ટ તથા ઇનરવ્હીલ ક્લબ અમરેલી ગીરની બહેનો દ્વારા**

# દેશના નાગરિકોની સુરક્ષા માટે સરહદ પર ફરજ બજાવતા સૈનિકોને રક્ષાસૂત્ર મોકલ્યા

અમરેલી,તા.૨૧

આગામી રક્ષાબંધન પર્વ નિમિત્તે દેશના નાગરિકોની રક્ષા માટે પરિવારથી દૂર રહેતા ભારતીય સેનાના વીર જવાનો સુરક્ષિત રહે તેવી પ્રાર્થના સાથે ઈનરવ્હીલ ક્લબ અમરેલીના બહેનો દ્વારા અમરેલીના શહીદ જવાન મનીષ મહેતાના



૧૮૧૨ રોકેટ રેજીમેન્ટ આર્ટીલરી યુનિટ અંબાલા ખાતે ૩૦૦ થી વધુ જવાનો માટે રાખડીઓ મોકલવામાં આવી હતી. શહીદ મનીષ મહેતા મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા "બંધન ટુ બ્રેવરી" કાર્યક્રમ અંતર્ગત દેશના સૈનિકો માટે રક્ષાસૂત્ર મોકલવા માટે ટ્રસ્ટ દ્વારા ઈનરવ્હીલ ક્લબ ઓફ અમરેલી ગીરના તમામ બહેનોના કાર્યની પ્રશંસા કરી આભાર માનવામાં આવ્યો હતો.

# જાફરાબાદ ખાતે તળપદા કોળી સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

**અભ્યાસમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવ્યા**

જાફરાબાદ,તા.૨૧

જાફરાબાદ ખાતે કોળી સમાજની વાડીમાં તળપદા કોળી સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો હતો. દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શૈક્ષણિક



તસવીર : બાબુભાઈ વાઢેળ

ક્ષેત્રમાં પ્રગતિ કરનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને સન્માનિત કરવામાં આવ્યા હતા. અભ્યાસમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તળપદા કોળી સમાજ દ્વારા આયોજિત આ વિદ્યાર્થી સન્માન સમારંભને ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ પ્રતિનિધિ પ્રફુલભાઈ બારૈયા, મનહરભાઈ બારૈયા, જિલ્લા યુવા ભાજપ પ્રમુખ ચેતનભાઈ શિયાળ, જીવનભાઈ બારૈયા, મનોજભાઈ ચુડાસમા, કમલેશભાઈ બારૈયા તેમજ સમાજના શ્રેષ્ઠિઓ અને સમાજના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# બ્રહ્માકુમારીઝ અમરેલી દ્વારા આંતરિક સશક્તિકરણ સેમિનારમાં યોજાયો

**વિદ્યાર્થીઓમાં એકાગ્રતા વધારવા વિશે સમજાવ્યું**

અમરેલી,તા.૨૧

બ્રહ્માકુમારીઝ અમરેલી દ્વારા આંતરિક સશક્તિકરણનો સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં ૬૫૦ શિક્ષકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે જિલ્લા શિક્ષણ અધિકારીઓના પ્રતિનિધિ ગોયાણી, જિલ્લા પ્રમુખ મુકુંદભાઈ મહેતા, જિલ્લા માધ્યમિક સંઘના પ્રમુખ પી.આર. રાઠોડ, નિલેશભાઈ મહેતા, તુષારભાઈ જોશી, નિલેશભાઈ ઠુંમર, પેથાણીભાઈ, પ્રા. શિક્ષક સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ વિંછીયા, આર.એલ. કાચા સહિતનાઓએ દીપ પ્રાગટ્ય કરી આ સેમિનારને ખુલ્લો મુક્યો હતો. ઈન્ટરનેશનલ મોટીવેશનલ સ્પીકર બ્ર.કુ. ડો. ઈવી સ્વામીનાથનએ જુદા જુદા ઉદાહરણો આપી શિક્ષક



દ્વારા વિદ્યાર્થીઓમાં એકાગ્રતા કેવી રીતે વધારી શકાય તે અંગે ઉંડાણપૂર્વક સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું કે વિદ્યાર્થીમાં એકાગ્રતા વધશે તો યાદશક્તિ વધશે અને વિદ્યાર્થી પોતાના અભ્યાસમાં સફળતાના શિખરો સર કરશે. બાળકોના ઘડતરમાં પ્રાથમિક શિક્ષક મહત્વનું સ્થાન ધરાવે છે તેમ જણાવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો તથા શિક્ષકોનો બ્ર.કુ. આઈ. પી. બારડે આભાર માન્યો હતો.

# અમરેલીમાં ટ્રાફિકને અડચણરૂપ વાહન ઉભું રાખનારા ચાલકો સામે કાર્યવાહી

**શહેરમાંથી બે લોકો ઈક્કો ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે રાખેતા મળી આવ્યા**

અમરેલી, તા. ૨૧

અમરેલી શહેરમાં ટ્રાફિકને અડચણરૂપ વાહન ઉભું રાખનારા ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ભીડભંજન ચોક પાસેથી ભુતીયા ગામે રહેતા ભરતભાઈ ધીરૂભાઈ મકવાણા (ઉ.વ.૪૯) પોતાના હવાલાની ઈક્કો તથા બાબરામાં રહેતા સોહીલભાઈ મુસ્તાકભાઈ મેતર (ઉ.વ.૨૫) પણ પોતાના હવાલા વાળી ઈક્કો ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે જાહેરમાં રાખી મળી આવ્યા હતા. પોલીસની કાર્યવાહીથી ટ્રાફિકને અડચણરૂપ વાહનો ઉભું રાખનારા ચાલકોમાં ફફડાટ ફેલાયો હતો.


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ,અમરેલી -Ad 112

**ધો. ૧૦ પુરક પરિક્ષા પાસને ધો. ૧૧ આર્ટસ - કોમર્સ - સાયંસ પ્રવેશ મળશે**

- ★ આર્ટસ – મનોવિજ્ઞાન રાજ્યશાસ્ત્ર – સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર – ઈતિહાસ ભૂગોળ
- ★ સાયંસ – ગુ.મી. & ઈ.મી. – A&B ગૃપ – JEE NEET - GUJCET એડીશનલ ક્લાસ
- ★ કોમર્સ – ગુજ. & Eng મિડીયમ – એકાઉન્ટ – સ્ટેટ – SPCC - BA – અર્થશાસ્ત્ર
- ★ સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ - Since 1997
- ★ સંકુલ ઓછી ફી – સારૂ શિક્ષણ – સારી વ્યવસ્થા – ઉચ્ચ પરિણામ


## CHANGE OF NAME

I Undersigh I AFSANA NIGAR MOHAMMAD RAZAUL MUSTAFA SHEIKH have changed my name from SHEKH AFSANA NIGAR MD RAZAUL MUSTAFA To AFSANA NIGAR MOHAMMAD RAZAUL MUSTAFA SHEIKH Now i will be known as AFSANA NIGAR MOHAMMAD RAZAUL MUSTAFA SHEIKH

Sigh :AFSANA NIGAR MOHAMMAD RAZAUL MUSTAFA SHEIKH

Address: ROUSHAN MASJID,SANDHI SOCIETY,AT-AMRELI-365601

# બી.ઓ.બી. મોટી કુંકાવાવ શાખા દ્વારા ૧૧૮ મા ફાઉન્ડેશન દિવસની ઉજવણી



તસવીર : કિર્તીભાઈ જોશી

મોટી કુકાવાવ,તા.૨૧

કુંકાવાવ ખાતે આવેલી બેંક ઓફ બરોડા શાખા દ્વારા ૧૧૮માં ફાઉન્ડેશન દિવસની ઉજવણી ગ્રાહકો સાથે કરવામાં આવી હતી.

આ ઉજવણીમાં પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનાનો લાભ લેવા ગ્રાહક મિત્રોને માહિતગાર કર્યા હતા. શાખા મેનેજર દ્વારા ખેડૂતોને પાક ધિરાણ લોનની માહિતી આપવામાં આવી હતી તેમજ કાર લોન, હોમ લોન, મુદ્રા લોન વિશે ગ્રાહકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૭૫/૨૦૨૫

અરજદારશ્રી:- શ્રી હિરેનકુમાર ચંદ્રકાંતભાઈ મહેતા
રે.૨૨૪૬, ફુલવાડી ચોક, હિલ ડ્રાઈવ રોડ, ભાવનગર

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદાશ્રી આદિત્યરામ કલ્યાણજી મહેતાનું મરણ તા.૧૭/૦૨/૧૯૪૮ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૮/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૭૩/૨૦૨૫

અરજદારશ્રી:- શ્રી હિરેનકુમાર ચંદ્રકાંતભાઈ મહેતા
રે.૨૨૪૬, ફુલવાડી ચોક, હિલ ડ્રાઈવ રોડ, ભાવનગર

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના ભાભીશ્રી પુર્ણીમાબેન જયકાંતભાઈ મહેતાનું મરણ તા.૨૯/૦૧/૧૯૭૯ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૮/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૭૬/૨૦૨૫

અરજદારશ્રી:- શ્રી હિરેનકુમાર ચંદ્રકાંતભાઈ મહેતા
રે.૨૨૪૬, ફુલવાડી ચોક, હિલ ડ્રાઈવ રોડ, ભાવનગર

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદીશ્રી મુળીમા આદિત્યરામ મહેતાનું મરણ તા.૨૩/૦૩/૧૯૫૩ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૮/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૭૪/૨૦૨૫

અરજદારશ્રી:- શ્રી હિરેનકુમાર ચંદ્રકાંતભાઈ મહેતા
રે.૨૨૪૬, ફુલવાડી ચોક, હિલ ડ્રાઈવ રોડ, ભાવનગર

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના કાકીશ્રી વિમળાગૌરી મથુરપ્રસાદ મહેતાનું મરણ તા.૦૭/૧૧/૧૯૬૪ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૮/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-**

મરણ રજી.નં.૧૦/૨૦૨૫

શ્રી ગૌદાની હરેશભાઈ મનસુખભાઈ
રે.નાના કણકોટ, તા.લીલીયા, જી.અમરેલી ........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, નાના કણકોટ ........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી ગૌદાની હરેશભાઈ મનસુખભાઈના માતા મંજુલાબેન મનસુખભાઈ ગૌદાનીનું મરણ તા.૨૭/૧૦/૧૯૯૯ના રોજ નાના કણકોટ મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૯/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

**//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૧૨૫/૨૦૨૫

અરજદાર :- શ્રી મુકેશભાઈ જેરામભાઈ ઝાલા
રહે. અમરપુર વરૂડી, તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. અમરપુર વરૂડી, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરપુર વરૂડી ગામમાં મુકેશભાઈ જેરામભાઈ ઝાલા તેઓના પિતાશ્રી જેરામભાઈ શામજીભાઈ ઝાલાની મરણ (તા.૦૪/૦૨/૨૦૦૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી,**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

# અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનની શી ટીમ દ્વારા રોમિયોગીરી વિશે માહિતી અપાઈ

**મહિલાઓને અભયમ વિશે જાણકારી આપી જાગૃત કરાયા**

અમરેલી,તા.૨૧

ભાવનગર રેન્જ આઈજીપી ગૌતમ પરમાર તથા પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન નીચે જિલ્લામાં શી ટીમને ભીડભાડ વાળી જગ્યાએ મુલાકાત લઈ અને અસામાજિક તત્વો તથા રોમિયોગીરી વિશે જાગૃત કરવા તથા ૧૮૧ અભયમ અંગેની જરૂરી માહિતી પૂરી પાડવા સૂચના આપેલ હોય જે અન્વયે અમરેલીના ડીવાયએસપી ચિરાગ દેસાઈ દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અમરેલી તાલુકા પીઆઈ એ.કે.જાડેજાની રાહબરી નીચે અમરેલી તાલુકા પોલીસની શી ટીમ દ્વારા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારની ભીડભાડ વાળી જગ્યાએ જઈ મહિલાઓને અસામાજિક તત્વો તથા રોમિયોગીરી બાબતે જરૂરી માર્ગદર્શન આપી તેમજ ૧૮૧ અભયમ ટીમ વિશે જાણકારી આપી માહિતગાર કરવામાં આવ્યા હતા.



# રાજુલા-ખાંભા માર્ગનું તાત્કાલિક સમારકામ કરવા વાહનચાલકોની માંગ

અમરેલી,તા.૨૧

રાજુલા અને ખાંભા તાલુકાને જોડતો ૧૪ કિલોમીટર લાંબો રાજુલા-કાતર-ત્રાકુડા પાટિયા સુધીનો માર્ગ તાજેતરના ભારે વરસાદને કારણે અત્યંત બિસ્માર બન્યો છે. ઠેર ઠેર મોટા ખાડા અને ગાબડાં પડવાને કારણે જાણે રોડનું અસ્તિત્વ જ મટી ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. રાજુલાથી ખાંભા કે ખાંભાથી રાજુલા વાયા ત્રાકુડા, કાતર, ગોરાણા થઈને પસાર થતા વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સરકાર દ્વારા ખાડા પૂરવાની કામગીરીના દાવાઓ વચ્ચે, આ માર્ગ પરની સ્થિતિ ખુબ જ ખરાબ છે. નાના-મોટા તમામ ખાડા તાત્કાલિક પૂરવામાં નહીં આવે તો વાહનચાલકોની હાલાકીમાં વધારો થશે. રાજુલા-હિંડોરણા-કાતર-ખાંભા રોડ પર પણ આવા જ મોટા ખાડા છે, જે બાંધકામ વિભાગના ધ્યાનમાં આવતા નથી. સ્થાનિક લોકો દ્વારા ખાડાઓ બૂરવાની માંગ કરવામાં આવી છે.



# પેટમાં દુઃખાવાની બીમારીથી કંટાળી પરિણીતાએ ગળાફાંસો ખાતા મોત

**બાબરાના વાવડા ગામે બનાવ બન્યો**

બાબરા, તા.૨૧

બાબરાના વાવડા ગામે એક પરિણીતાને છેલ્લા બે વર્ષથી પેટમાં દુઃખાવાની બીમારી હતી. જેનાથી કંટાળી તેણે ગળાફાંસો ખાતા મરણ પામી હતી. બનાવ સંદર્ભે વિનુભાઈ શામજીભાઈ જમોડ (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની દક્ષાબેન વિનુભાઈ જમોડ (ઉ.વ.૪૨)ને છેલ્લા બે વર્ષથી પેટમાં દુઃખાવાની બીમારી હતી. જેનાથી કંટાળી ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.સી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# હાથીગઢ-ખારા માર્ગ પર જર્જરિત પુલ હોવાથી ગ્રામજનો દ્વારા તાત્કાલિક રિપેરિંગની માંગ

અમરેલી,તા.૨૧

લીલીયા તાલુકાના હાથીગઢ અને ખારા ગામને જોડતા માર્ગ પર આવેલો એક પુલ અત્યંત જર્જરિત હાલતમાં છે, જે ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જી શકે છે. આ પુલની ખરાબ હાલતને કારણે સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છે.

ખારા ગામના અનેક વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે હાથીગઢ અવરજવર કરે છે, જ્યારે ખેડૂતો પણ પોતાના ખેતરોમાં જવા માટે આ માર્ગનો ઉપયોગ કરે છે. હાલ ચોમાસાને કારણે પુલની સ્થિતિ વધુ કથળી રહી છે. કોઈ મોટો અકસ્માત થાય તે પહેલાં આ પુલનું તાત્કાલિક સમારકામ કરવામાં આવે તેવી હાથીગઢ અને ખારા ગામના ગ્રામજનો દ્વારા પ્રબળ માંગ કરવામાં આવી રહી છે. કોઈ ગંભીર અકસ્માત થયા તે પહેલા પુલનું રિપેરીંગ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.



# અમરેલીના મોટા માચીયાળા ગામે તલાટી મંત્રી સામે ઢીકાપાટુ માર્યાની રાવ

**ન્યાય કમિટીના ચેરમેનના હોદ્દાના લેટરપેડ મુદ્દે બનાવ બન્યો**

અમરેલી, તા.૨૧

અમરેલીના મોટા માચીયાળા ગામે ન્યાય કમિટીના ચેરમેનના હોદ્દાનું લેટરપેડ લેવા જતાં તલાટી કમ મંત્રીએ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હોવાની ઘટના બની હતી. બનાવ અંગે અશ્વિનભાઈ આણંદભાઈ ચાવડા (ઉ.વ.૩૭)એ બલદીપભાઈ ડાંગર-તલાટી કમ મંત્રી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ મોટા માચીયાળા ગ્રામ પંચાયતના ન્યાય કમિટીના સભ્ય હતા. તેમણે આ હોદ્દાનું લેટરપેડ માંગતા ઢીકાપાટુનો મુંઢમાર મારવામાં આવ્યો હતો. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરામાં ૩૧ જુલાઈએ મોહમ્મદ રફી સ્વરાંજલિ કાર્યક્રમ યોજાશે

બાબરા,તા.૨૧

બાબરામાં એન્જોય ગ્રુપ દ્વારા ૩૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ મોહમ્મદ રફી સાહેબને સંગીતમય શ્રદ્ધાંજલિ આપતી વિશેષ સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. લુહાર જ્ઞાતિની વાડી ખાતે રાત્રે ૯:૦૦ વાગ્યાથી શરૂ થનારા આ કાર્યક્રમમાં બાબરા સહિત અમરેલી, રાજકોટ અને ભાવનગરના પ્રતિભાશાળી કલાકારો ભાગ લેશે અને રફીના અમર ગીતો રજૂ કરશે. એન્જોય ગ્રુપ બાબરા ૧૯૯૩થી અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોનું સફળ આયોજન કરે છે. પૂર્વે રફી સ્વરાંજલિ ઉપરાંત 'જી ટીવી ફેમ અંતાક્ષરી', 'ફેશન શો', 'કોન બનેગા કિસ્મત વાલા', 'એક શામ શહીદો કે નામ', અને 'બાબરા આઈડોલ' જેવા કાર્યક્રમો દ્વારા સ્થાનિક પ્રતિભાને મંચ અપાયો છે.





# શીયાળબેટ ગામે લગ્નમાં નાચતી વખતે ધક્કો લાગતાં ઢીકાપાટુ માર્યા

જાફરાબાદ, તા. ૨૧

જાફરાબાદના શીયાળબેટ ગામે લગ્નમાં નાચતી વખતે ધક્કો લાગતાં ઉશ્કેરાઈને ઢીકાપાટુનો મુંઢમાર મારવામાં આવ્યો હતો. બનાવ અંગે મગનભાઈ મેઘાભાઈ શીયાળ (ઉ.વ.૨૮)એ ધનાભાઈ ભગાભાઈ શીયાળ, ગોપાલ ધનાભાઈ શીયાળ, રાજેશ ધનભાઈ શીયાળ, ગોવિંદ ધનાભાઈ શીયાળ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના લગ્નની જાન રસ્તા પર નીકળી હતી અને નાચતા નાચતા એકબીજાને ધક્કો લાગ્યો હતો. જેથી ધનાભાઈ ઉશ્કેરાઈને ગાળો બોલવા લાગ્યા હતા. ઉપરાંત ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો.

જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. બી. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# કેન્દ્ર સરકારની વિવિધ યોજના બાબતે SBI દ્વારા મોટા ઝીંઝુડા દ્વારા શિબિર યોજાઈ

સાવરકુંડલા, તા.૨૧

કેન્દ્રીય નાણાં મંત્રાલય દ્વારા નાણાંકીય સમાવેશનનું ૩ મહિનાનું સંતૃપ્તિ અભિયાન તારીખ ૧ જુલાઈ ૨૫ થી તારીખ ૩૦ સપ્ટેમ્બર ૨૫ સુધી આયોજન કરાયું છે જે અંતર્ગત તાજેતરમાં શનિવાર તારીખ ૧૯-૭-૨૫નાં સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ગામે અત્રેની પ્રાથમિક શાળા કમ્પાઉન્ડ ખાતે એસ.બી.આઈ. મોટા ઝીંઝુડા દ્વારા એક શિબિરનું આયોજન કરાયું હતું જેમાં PMJJY તથા PMSBY અને APY તથા જનધન ખાતાઓ અને નિષ્ક્રિય ખાતાઓને સક્રિય કરવા KYC બાબતે તથા સરકારની વિવિધ યોજનાઓ બાબતે ગ્રામજનોને માહિતી આપી વાકેફ કરાયા હતા.



## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: બારસ
તા. ૨૨-૦૭-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૫:૩૬,
સૂર્યાસ્ત-૦૭:૧૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મૃગશીર્ષ

## દૈનિક રાશિફળ

**તા.૨૨-૦૭-૨૦૨૫ મંગળવાર**

મેષ: આજે આવકના નવા સ્ત્રોત મળશે. નમ્ર વાણીથી આદર મળશે. શિક્ષણ- સ્પર્ધામાં વિશેષ સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

વૃષભ: આજે તમે કેટલીક આંતરિક સમસ્યાઓથી પીડાઇ શકો છો. આવી સ્થિતિમાં તમારા માટે તે સારું રહેશે કે તમે વિલંબ કર્યા વિના ડોક્ટરને મળો.

મિથુન: આજે પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે.

કર્ક: આજે સંતોષ અને શાંતિનો દિવસ છે. આજે જ્યાં રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નો સફળ થશે ત્યાં શાસન અને સત્તા સાથે જોડાણના ફાયદા પણ મળી શકે છે.

સિંહ: આજે તમારા સ્વાસ્થ્ય અને આનંદમાં અડચણ આવી શકે છે. દિવસના બીજા ભાગમાં કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને સફર પર જવું પડી શકે છે.

કન્યા: બાળકોના શિક્ષણની સફળતા અથવા કોઈપણ સ્પર્ધામાં ઇચ્છિત સફળતાના સમાચારથી મન પ્રસન્ન રહેશે.

તુલા: આજે તમે સંતાન સંબંધિત બાબતોથી ચિંતિત રહી શકો છો. જે લોકોના પારિવારિક જીવનમાં તણાવ ચાલી રહ્યો છે તેમાં આજે ઘટાડો થશે.

વૃશ્ચિક: આજીવિકાના ક્ષેત્રમાં આજે પ્રગતિ થઈ શકે છે. આ સિવાય આજે પ્રતિષ્ઠામાં વધારો થવાના સંકેત છે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે.

ધન: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે.

મકર: આજે તમારે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. ઓફિસ હોય કે ઘર આજે તમને દરેક જગ્યાએ તમારા જીવનસાથીનો સહયોગ મળશે.

કુંભ: આજે રોજગાર-ધંધાના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.

મીન: આજે તમારી આજુબાજુ સુખદ વાતાવરણ રહેશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

# સાવરકુંડલા શહેરની વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજની મુલાકાત લેતા મહાનુભાવો

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલાની વી.ડી ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજની મુલાકાતે ૧૭ જુલાઈના રોજ લોકભારતી સણોસરાના કુલપતિ રાજુભાઈ ખીમાણી, સર્વોદય સરસ્વતી મંદિર-બાબાપુરના નિયામક મંદાકિનીબેન પુરોહિત, નૂતન કેળવણી મંડળના પ્રમુખ, ચંદ્રિકાબેન ઘેલાણી કામદાર, ઉપપ્રમુખ કનુભાઈ ગેડીયા, મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા, ટ્રસ્ટી વિનુભાઈ રાવળ આવ્યા હતા. તેમણે કોલેજના વિકાસ માટે ઉપયોગી સૂચનો કર્યા હતા. ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ચાવડાએ કોલેજની સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ વિશેની જાણકારી આપી હતી.

પ્રા. છાયાબેન શાહે અધ્યાપકો અને વિદ્યાર્થિનીઓની કામગીરી અંગેની માહિતી આપી હતી. કાર્યક્રમનું આભારદર્શન પ્રતિમાબેન શુક્લે કર્યું હતું.



# અમરેલીમાં ઘરમાં ઘૂસી ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી

અમરેલી, તા.૨૧

અમરેલીમાં એક વ્યક્તિના ઘરમાં ઘૂસી ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપવામાં આવી હતી.

બનાવ અંગે ચક્કરગઢ રોડ પર કરણપાર્ક સોસાયટીમાં રહેતા અને મોબાઈલ રિપેરિંગનો ધંધો કરતાં યુવકની પત્ની મનિષાબેન કમલેશભાઈ સાપરીયા (ઉ.વ.૩૧)એ ગોપાલ ડાંગર તથા અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના પતિની મોબાઈલની દુકાને ગોપાલ ડાંગરે આવી તેમને ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપી હતી. જે બાદ તેમના ઘરની અંદર પણ ઘૂસી આવ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. એચ. ભટ્ટી વધુ તપાસ કરી રહ્યા છે.


**-//મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં//-**

કેસ-નં.૧૦૨/૨૦૨૫

અરજદાર :- શ્રી બચુભાઈ કાનાભાઈ ચૌહાણ
રહે.વરસીંગપુર, તા.ઉના

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.વરસીંગપુર, તા.ઉના

**જાહેર નોટીસ**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૭૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના વરસીંગપુર ગામના રહીશ શ્રી બચુભાઈ કાનાભાઈ ચૌહાણના પિતરાઈ બહેન કુ.શાંતુબેન મસરીભાઈ ચૌહાણનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૬ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત કેસ નંબરથી દાવા અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં બીજી મુદત તા.૦૨/૦૮/૨૦૨૫ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે. ભીમાણી)
મામલતદાર
અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
ઉના



**મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા**

-:જાહેર નોટીસ:-

નં.મરણ નોંધણી/અરજી નં.૩૬/૨૦૨૫

અરજદારશ્રી:- શ્રી કમુબેન માવજીભાઈ ઠુંમર
મું.તોરી, તા. વડીયા, જિ. અમરેલી
એડવોકેટશ્રી હરેશ વી.કોટડીયા મો.- ૯૦૧૬૭ ૭૨૨૨૧

વિરૂધ્ધ

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી તોરી, તા.વડીયા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી કમુબેન માવજીભાઈ ઠુંમરના પુત્રી કૈલાસબેન માવજીભાઈ ઠુંમરનો જન્મ તા.૦૧/૦૭/૧૯૭૩ ના રોજ મુ.તોરી, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા



**મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા**

-:જાહેર નોટીસ:-

નં.મરણ નોંધણી/અરજી નં.૩૭/૨૦૨૫

અરજદારશ્રી:- શ્રી રવજીભાઈ ભગવાનભાઈ વસાણી
મું.નાની કુંકાવાવ, તા. વડીયા, જિ. અમરેલી
એડવોકેટશ્રી હરેશ વી.કોટડીયા મો.- ૯૦૧૬૭ ૭૨૨૨૧

વિરૂધ્ધ

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી નાની કુંકાવાવ, તા.વડીયા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી રવજીભાઈ ભગવાનભાઈ વસાણીના પુત્રી મુક્તાબેન રવજીભાઈ વસાણીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૭ ના રોજ મુ.નાની કુંકાવાવ, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા

**તંત્રી લેખ**

# ભારતમાં ભાષા વિવાદ રાષ્ટ્રની એકતા માટે ખતરારૂપ છે

મહારાષ્ટ્રમાં મરાઠીનો આગ્રહ રાખવામાં આવે છે પરંતુ મહારાષ્ટ્રમાં ગુજરાતીઓ અને રાજસ્થાની લોકોએ સૌથી વધારે પૈસાનું રોકાણ કર્યું છે, સૌથી વધુ રોજગારી આપી છે તો આ લોકોને જો કાઢી મૂકવામાં આવે તો મુંબઈમાં બાકી શું રહેશે? ભારત, વિવિધ સંસ્કૃતિઓ, ભાષાઓ અને જનજાતિઓના અનોખા મિશ્રણ, વિશ્વના એક ઉત્તમ બહુરંગી પ્રજાસત્તાક તરીકે ઓળખાય છે. અહીં ભાષા માત્ર સંવાદનું સાધન જ નહિ પણ ઓળખ, ગૌરવ અને વારસાનું પ્રતિક પણ બની છે. પરંતુ, જ્યારે ભાષા પક્ષપાત અને સમગ્ર સમાજના વિભાજનનું સાધન બની જાય, ત્યારે તે રાષ્ટ્રની એકતા સામે સૌથી મોટો ખતરો છે.મહારાષ્ટ્રમાં, મરાઠી ભાષા એ ત્યાંની સ્થાનિક ઓળખ તેમજ ગૌરવનું પ્રતિક છે. અહીંના નાગરિકો તેમનું ભાષાગૌરવ જાળવી રાખવા માટે મંથન અને આગ્રહ રાખે છે. ખાસ કરીને નેતાઓ અને સ્થાનિક પક્ષોના માધ્યમથી "મરાઠી સન્માન"ના મુદ્દા હંમેશા ઊઠે છે. મહારાષ્ટ્રમાં ચાલતી રાજકીય હલચલમાં અનેક વાર 'બાહ્ય' તરીકે જોવામાં આવતા લોકો પર પર ટીકા કરવામાં આવે છે. તેને પરાણે મરાઠી ભાષા બોલવા માટે મજબૂર કરવામાં આવે છે, માર મારવામાં આવે છે. હિન્દી, અંગ્રેજી ભાષાનો વિરોધ શા માટે તે હજુ પણ લોકોને સમજાતું નથી. પણ, શું ફક્ત ભાષા આધારિત આગ્રહથી પ્રદેશનો સાચો વિકાસ સંભવ છે? કે પછી વિભાજન અને અસ્પૃશ્યતાને જન્મ આપે છે. મુંબઈની પ્રગતિમાં બધાનો ફાળો છે એને અવગણી શકાય નહીં. ગુજરાતના તથા રાજસ્થાનના તથા યુપી સહિતના ઉદ્યોગપતિઓએ મુંબઈમાં જે રોકાણ કર્યું છે તેને કારણે મુંબઈ સમૃદ્ધ છે. આ લોકોને જો કાઢી મૂકવામાં આવે તો મુંબઈ ગામડા જેવું બની જાય તેમાં શંકાને કોઈ સ્થાન નથી. મુંબઈ પડી ભાંગે તે પણ એક હકીકત છે એટલું જ નહીં તેના જેવા શહેરો પણ પછાત બની જાય. મુંબઈ, જે ભારતની આર્થિક રાજધાની તરીકે જાણીતી છે, તેની સમૃદ્ધિ અને વૈભવી જીવનશૈલી પાછળ અનેક જાતિ-ભાષાની પ્રજા પ્રયત્નશીલ રહી છે. અહીં ખાસ કરીને ગુજરાતીઓ અને રાજસ્થાની પરિવારોનું ઐતિહાસિક યોગદાન નોંધપાત્ર છે. -વ્યાવસાયિક અને ઔદ્યોગિક વિકાસ રૂપે મુંબઈના કાપડ ઉદ્યોગ, દાગીના બજાર, શેરબજાર, રીટેઈલ, ટ્રાન્સપોર્ટ અને ઘણા ક્ષેત્રોમાં ગુજરાતીઓનું પ્રભુત્વ રહેલું છે. તેમણે માત્ર આર્થિક મૂડી જ નહિ, પાયાની રોજગારી પણ પૂરી પાડી છે. રાજસ્થાની ઉદ્યોગપતિઓએ રિયલ એસ્ટેટ, ફૂડ પ્રોસેસિંગ, કેસિનો અને વિભિન્ન સેવાક્ષેત્રોમાં તેમના રોકાણથી શહેરમાં રોજગારી અને આવકમાં નોંધપાત્ર વધારો કર્યો છે. આપણું શહેર, રાજ્ય એમ જ દેશ બધાના છે, અને અહીં દરેક ભાષા, દરેક સમુદાયનું યોગદાન છે. વ્યાવસાયિક વિકાસ કોઈ એક જાતિ-ભાષાસંપ્રદાયના એકપક્ષીય પ્રયાસને કારણે થતો નથી પરંતુ સર્વનો તેમાં ફાળો હોય છે એ ન ભૂલવું જોઈએ. મહારાષ્ટ્રના વિકાસમાં બધા સમુદાયોની ક્ષમતા અને મહેનત જોડાયેલી છે. જો ભાષાના આધારે ઉંચ-નીચ અથવા બાહ્ય તરીકે કોઈ સમુદાયને કાઢી મૂકવાનો પ્રયાસ થાય, તો તે આર્થિક રીતે જ નહીં પણ સામાજિક રીતે પણ મુશ્કેલીઓ ઊભી કરે છે. વિશ્વ આજે ગ્લોબલાઈઝેશન તરફ આગળ વધી રહ્યું છે, જ્યાં દરેક માણસનો દેશ-રાજ્યથી વિશેષ માત્ર એક ભાષાનો નહીં પણ સર્વનો અધિકાર છે. માપદંડ સ્પષ્ટ છે કે દેશને આગળ વધારવો છે, તો તમામ જાતિ-ભાષાની ક્ષમતા, વિશિષ્ટતા અને યોગદાન સર્જનાત્મક રીતે આવકારવા જરૂરી છે. ભાષા મહાન છે – પણ તે વિભાજનુ સાધન નહીં, પણ એકતાનું સરનામું બને, તો જ સાચા અર્થમાં વિકાસના સપના સાકાર થાય.

# હવે આગામી દાયકામાં અમરેલીના આકાશમાં પણ એર ટેક્સી ઉડશે !!

હાલ શહેરોમાં રિક્ષાઓની બોલબાલા છે. મોટા શહેરમાં સીટી બસ ચાલે છે પરંતુ ભાવનગર જેવા મહાનગરમાં આજે એક પણ સીટી બસ ચાલતી નથી. શહેરમાં ટ્રાફિકની સમસ્યા બહુ વધી ગઈ છે. આમ છતાં એર ટેક્સીના સપના જોવામાં કંઈ વાંધો નથી! પરંતુ એ હકીકતને અવગણી શકાય નહીં કે આગામી દાયકાઓમાં ગુજરાતના શહેરો મોટા મહાનગરો બની જશે અને ટ્રાફિકની સમસ્યા માની ન શકાય એટલી વધી જશે. આના કારણે આગામી સમયમાં ટેક્સીઓ અને રિક્ષાઓ આકાશમાં ઉડતી નજરે પડશે. હાલ અશક્ય લાગે પરંતુ ખૂબ ઝડપથી આ ટેકનોલોજી પર સંશોધનો થઈ રહ્યા છે માટે એર ટેક્સી આગામી દાયકામાં આવે તે વસ્તુ શક્ય છે. આપણે બધા જાણીએ છીએ કે ટેક્સી શું છે, ખરું ને? રસ્તા પર ચાલતી ગાડી જે તમને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જાય. હવે કલ્પના કરો કે આવી જ એક ટેક્સી આકાશમાં ઊડે તો? બસ, આ જ છે એર ટેક્સી! સાવ સહેલા શબ્દોમાં કહીએ તો, એર ટેક્સી એટલે હવાઈ વાહન જે તમને નજીકના સ્થળોએ ઝડપથી પહોંચાડી શકે. આ કોઈ મોટા વિમાન જેવું નથી, પરંતુ હેલિકોપ્ટર જેવું નાનું વાહન છે, જે ખાસ કરીને શહેરોમાં ટ્રાફિકમાંથી બચવા અને સમય બચાવવા માટે બનાવવામાં આવી રહ્યું છે. સામાન્ય વિમાન કરતા અલગ છે આમ છતાં તે ડ્રોન નથી પણ ટેક્સી જ છે. જ્યાં આકાશમાં ઉડે છે તે ટુ સીટર હોઈ શકે બે કરતાં વધારે વ્યક્તિઓ માટેની એર ટેક્સી શક્ય છે. એર ટેક્સીની રચના સાવ અલગ છે. આ કેવી રીતે બને છે? તે જાણવું જરૂરી છે. એર ટેક્સી બનાવવા માટે એન્જિનિયરો અને વૈજ્ઞાનિકો ખૂબ મહેનત કરી રહ્યા છે. મોટાભાગની એર ટેક્સીઓ નાની હોય છે, જેમાં બે થી છ જેટલા લોકો બેસી શકે. તેમની રચના એવી રીતે કરવામાં આવે છે કે તે સરળતાથી ઊડી શકે અને નીચે ઉતરી શકે. આ વાહનોમાં સામાન્ય રીતે ઘણા નાના પંખા (પ્રોપેલર) હોય છે, જે હેલિકોપ્ટરની જેમ ઉપરની તરફ ફરે છે અને વાહનને ઊંચકે છે. કેટલાક મોડેલોમાં પાંખો પણ હોય છે, જે વિમાન જેવું કામ કરે છે. સૌથી રસપ્રદ વાત એ છે કે ઘણી બધી એર ટેક્સીઓ ઈલેક્ટ્રિક હોય છે, એટલે કે તે બેટરીથી ચાલે છે. આનાથી પ્રદૂષણ ઓછું થાય છે અને અવાજ પણ ઓછો આવે છે. મોટાભાગની એર ટેક્સીઓ વર્ટિકલ ટેક-ઓફ અને લેન્ડિંગ (VTOL) ક્ષમતા ધરાવે છે. આનો અર્થ એ છે કે તેમને ઊડવા કે ઉતરવા માટે લાંબા રનવેની જરૂર પડતી નથી. તે સીધી જ ઉપર ઊડી શકે છે અને સીધી જ નીચે ઉતરી શકે છે, જેમ હેલિકોપ્ટર કરે છે. આનાથી તેમને નાના છાપરાવાળા વિસ્તારો, હેલિપેડ્સ, કે ખાસ બનાવેલા "વર્ટીપોર્ટ્સ" પર પણ ઉતારી શકાય છે. એર ટેક્સી શા માટે? તમે વિચારશો કે જ્યારે વિમાન અને હેલિકોપ્ટર છે તો એર ટેક્સીની શું જરૂર? તો ચાલો સમજીએ: ટ્રાફિકથી છુટકારો: મોટા




શહેરોમાં ટ્રાફિક જામ એક મોટી સમસ્યા છે. ક્યારેક તો થોડું અંતર કાપવામાં પણ કલાકો લાગી જાય છે. એર ટેક્સી તમને આકાશના રસ્તે લઈ જશે, જ્યાં કોઈ ટ્રાફિક નથી, અને તમે ઝડપથી તમારા ગંતવ્ય સ્થાને પહોંચી શકશો. સમયની બચત: સમય બચાવવા માટે એર ટેક્સી ખૂબ ઉપયોગી છે.

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઇ**

જો તમારે તાત્કાલિક કોઈ જગ્યાએ પહોંચવું હોય, તો રસ્તા પરના ટ્રાફિકમાં ફસાવા કરતાં એર ટેક્સી સારો વિકલ્પ બની શકે છે. સરળ પરિવહન: હેલિકોપ્ટર મોંઘા હોય છે અને તેમને ઉડાડવા માટે ઘણા અનુભવી પાઈલટની જરૂર પડે છે. એર ટેક્સીને વધુ સરળ અને કદાચ ઓછી ખર્ચાળ બનાવવામાં આવી રહી છે, જેથી ભવિષ્યમાં સામાન્ય લોકો પણ તેનો ઉપયોગ કરી શકે. કેટલાક મોડેલો તો ડ્રાઈવર વિના (ઓટોનોમસ) પણ ઉડી શકે તેવા બની રહ્યા છે, જે ભવિષ્યની ટેકનોલોજી છે. પર્યાવરણને અનુકૂળ: ઘણી બધી એર ટેક્સીઓ ઈલેક્ટ્રિક હોવાથી તે ઓછું પ્રદૂષણ ફેલાવે છે અને અવાજ પણ ઓછો કરે છે, જે શહેરો માટે ફાયદાકારક છે. એર ટેક્સીના પ્રયોગો: દુનિયાભરમાં એર ટેક્સી અંગે કેવા પ્રકારનું સંશોધન ચાલી રહ્યું છે? તે જાણવું જરૂરી છે. આજકાલ દુનિયાભરની ઘણી બધી કંપનીઓ એર ટેક્સી બનાવવાના પ્રયોગો કરી રહી છે. જેમ કે: જર્મનીની વોલોકોપ્ટર (Volocopter): આ કંપનીએ ઘણા મોડેલો બનાવ્યા છે અને તેનું સફળતાપૂર્વક પરીક્ષણ પણ કર્યું છે. તેમની એર ટેક્સીઓ નાની હોય છે અને શહેરી વિસ્તારોમાં ટૂંકા અંતર માટે ઉપયોગી છે. અમેરિકાની જોબી એવિએશન (Joby Aviation) અને લિલિયમ (Lilium): આ કંપનીઓ પણ મોટા પાયે એર ટેક્સી વિકસાવી રહી છે અને તેમને ભવિષ્યમાં ટેક્સી સેવાઓ તરીકે શરૂ કરવાની યોજના ધરાવે છે. ચીનની EHang: આ કંપનીએ પણ ઓટોનોમસ (ડ્રાઈવર વિના) એર ટેક્સીનું પરીક્ષણ કર્યું છે, જેમાં કોઈ પાઈલટની જરૂર નથી. આ કંપનીઓ જુદા જુદા આકાર અને ડિઝાઈનવાળી એર ટેક્સીઓ બનાવી રહી છે, પરંતુ તેમનો મુખ્ય હેતુ એક જ છે: હવાઈ મુસાફરીને વધુ સુલભ અને કાર્યક્ષમ બનાવવી. દેશ વિદેશમાં એર ટેક્સી અંગે જે સંશોધનો થઈ રહ્યા છે તે વિશે આપણે જાણ્યું પણ આપણા દેશમાં આ બધું ક્યારે શક્ય બનશે? એર ટેક્સી આપણા આકાશમાં ક્યારે ઉડશે તે જાણવાની દરેકને ઉત્સુકતા હોય તે સ્વાભાવિક છે. ભારતમાં એર ટેક્સી ક્યારે આવશે એ પ્રશ્નનો જવાબ થોડો મુશ્કેલ છે. એર ટેક્સી ભારતમાં શક્ય છે પરંતુ તે ક્યારે આવશે તે નક્કી નથી. ભારતમાં પણ એર ટેક્સીનો વિચાર ધીમે ધીમે વાસ્તવિકતા બની રહ્યો છે. ઘણી ભારતીય કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ આ ક્ષેત્રમાં રસ દાખવી રહ્યા છે. કેન્દ્ર સરકારે પણ ભારતમાં શહેરી હવાઈ ગતિશીલતા (urban air mobility) ને પ્રોત્સાહન આપવા માટે નીતિઓ બનાવવાનું શરૂ કર્યું છે. જોકે, ભારતમાં એર ટેક્સીને સંપૂર્ણ રીતે કાર્યરત થતાં હજુ થોડો સમય લાગશે. આ માટે ઘણા નિયમો બનાવવા પડશે, સુરક્ષા ધોરણો નક્કી કરવા પડશે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર (જેમ કે વર્ટીપોર્ટ્સ) બનાવવું પડશે. નિષ્ણાતો માને છે કે આગામી ૫ થી ૧૦ વર્ષમાં ભારતના મોટા શહેરોમાં એર ટેક્સી સેવાઓ શરૂ થઈ શકે છે. શરૂઆતમાં તે કદાચ થોડી મોંઘી હશે, પરંતુ જેમ જેમ ટેકનોલોજી આગળ વધશે તેમ તેમ તે વધુ સસ્તી અને સુલભ બનશે. એર ટેક્સી અને વિમાન વચ્ચેનો તફાવત: તમે વિમાન તો જોયું જ હશે. ચાલો આપણે એર ટેક્સી અને વિમાન વચ્ચેના મુખ્ય તફાવતોને સમજીએ: એર ટેક્સીમાં બે થી છ વ્યક્તિ બેસી શકે તેવી વ્યવસ્થા હોય છે જ્યારે વિમાનમાં અનેક લોકો બેસી શકે છે. તેનું કદ ખૂબ મોટું હોય છે જ્યારે એર ટેક્સીનું કદ સાવ નાનું, સામાન્ય મોટરકાર જેવું હોય છે. અમુક એર ટેક્સીમાં પાંખો પણ બનાવવામાં આવી છે જેથી તેની ઉડવાની ક્ષમતા વધે, ઉતરે છે જ્યારે ફોલ્ડ થઈ જાય છે. એર ટેક્સીનો ઉપયોગ મોટા શહેરોમાં ટૂંકા અંતર માટે કરવામાં આવે છે જ્યારે એરોપ્લેનનો ઉપયોગ મોટા શહેરોના લાંબા અંતર માટે કરવામાં આવે છે. એરોપ્લેન માટે ખૂબ મોટા રન-વેની અને ખુબ મોટા એરપોર્ટની જરૂર હોય છે. ટેક્સીના પ્રોપેલર ખૂબ નાના હોય છે જ્યારે એરોપ્લેનમાં ખૂબ તાકાત વાળા મોટા એન્જિન ફીટ કરેલા હોય છે. એર ટેક્સી એ આપણા ભવિષ્યની મુસાફરીનો એક રોમાંચક ભાગ છે. તે આપણને ઝડપથી, સુરક્ષિત રીતે અને ટ્રાફિક વિના આપણા ગંતવ્ય સ્થાને પહોંચાડવામાં મદદ કરશે. કદાચ ભવિષ્યમાં આપણે બધા આકાશમાં ઊડતી ટેક્સીમાં બેસીને ઓફિસે કે શાળાએ જઈશું! તે ખરેખર એક આકર્ષક વિચાર છે, ખરું ને?

**ગુજરાતમાં જેટલી ઝડપથી શહેરીકરણ થઈ રહ્યું છે તે જોતા આગામી થોડા દાયકાઓમાં અમરેલી, બોટાદ જેવા નાના શહેરો પણ મહાનગર બની જશે અને ટ્રાફિકની સમસ્યા વધતી જશે. આવા સમયે ટેક્સીઓ રાજમાર્ગ ઉપર નહીં પણ આકાશમાં ઉડતી હશે.!**

## શબ્દ સંજોગ-૨૦૩૯



**આડી ચાવી :**
(૧) હદય, છાતી (૨)
(૩) હરણ (૨)
(૫) તારનાર,ઉદ્ધાર કરનાર (૩)
(૭) દમવું, પીડવું તે (૩)
(૯) સૃષ્ટિ, વિશ્વ (૩)
(૧૧) કદાચ, કદાપિ (૨)
(૧૨) પ્રૌઢ, ગૌરવશાળી (૨)
(૧૩) મૂગું (૨)
(૧૪) યાદવોની એક જાતનો માણસ (૨)
(૧૫) સૈન્ય, આંખનો ચાળો (૨)
(૧૬) કરસણ કાપીને સુકાવા માટે કરેલા નાના ઢગલા (૨)
(૧૭) મનુષ્ય તરીકેની જિંદગી (૩)
(૧૯) સ્ત્રીઓનું એક ઘરેણું (૨)
(૨૦) શબ્દ, વચન (૨)
(૨૧) પાણી પીરસવા માટેનું એક પાત્ર (૨)
(૨૩) સરોવર, તાબે (૨)
(૨૫) પાસે (૨)
(૨૭) એકઠું થયેલું, એકઠું (૨)
(૨૮) પૂરી ભરતી આવ્યે ૧૨ મિનિટ પાણી થોભે છે તે (૨)
(૨૯) એક તેલી બી કે એનો છોડ (૨)
(૩૧) લશ્કર, ફોજ (૨)
(૩૨) વિષ્ણુનો એક અવતાર (૨)
(૩૩) રટવું તે (આ-અ) (૩)

**ઉભી ચાવી :**
(૧) પેટ, ગર્ભાશય (૩)
(૨) એક વિદેશી દારૂ (૨)
(૪) લંબાઈ ભરવાનું ચોવીસ તસુનું માપ (૨)
(૫) પિતા, બાપ (૨)
(૬) ફરજ, કરવા યોગ્ય (૩)
(૮) દોજખ, વિષ્ટા (૩)
(૧૦) સ્વાર્થ, ખપ (૩)
(૧૨) ભક્તિનું ગીત (૩)
(૧૩) ચંદ્ર (અંગ્રેજી) (૨)
(૧૪) પરોઢિયું (૨)
(૧૫) માથે વાળ વધારનાર જૈન સાધુ, યતિ (૩)
(૧૬) ઈરાન દેશ (૩)
(૧૭) એક ગીતઃ તારો ....મારે જોવો છે (૩)
(૧૮) ઘટ, અપૂર્ણતા (૨)
(૨૨) ગોઠવણ, વ્યવસ્થા (૩)
(૨૪) રીત, રિવાજ (૩)
(૨૬) એક જાતનો વેલો અને તેની સોટી (૩)
(૩૦) થોડા વાળની સેર (૨)

## શબ્દ સંજોગ-૨૦૩૮ જવાબ

**આડી ચાવીઃ** (૧) દેજ (૩) ડાયમંડ (૬) વા (૭) વડવાઈ (૮) છાવર (૧૦) ડીબું (૧૧) નેસ (૧૩) સીમા (૧૫) પ્રમોહન (૧૭) લુંચી (૧૮) પ્રેરણા (૨૦) સાબર (૨૨) મવાલી (૨૩) દુંદ (૨૪) પાડો (૨૫) વિવા (૨૭) બાલાજી (૩૦) હેરમ (૩૧) તડપ (૩૨) હેમલતા (૩૩) લકી.

**ઉભી ચાવી :** (૧) દેવડી (૨) જડબું (૩) ડાઈનેમો (૪) મંછા (૫) ડવ (૯) રસીલું (૧૨) સહસા (૧૪) માચીસ (૧૫) પ્રણાલી (૧૬) નબદું (૧૮) પ્રેમપાશ (૧૯) રવાડો (૨૧) રદબાતલ (૨૫) વિરલ (૨૬) વામતા (૨૮) લાડકી (૨૯) જીપ (૩૦) હેમ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૨૦ | ૧૬૭૯ |
| ઘઉં લોકવન | ૪૯૮ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૫૦૩ | ૫૪૦ |
| જુવાર સફેદ | ૬૪૦ | ૯૦૦ |
| બાજરી | ૩૦૫ | ૪૨૦ |
| મકાઇ | ૨૦૦ | ૪૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૨૪ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૧૯૬ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૨૧૦૦ |
| અડદ | ૧૦૯૦ | ૧૪૪૪ |
| મગ | ૧૩૦૫ | ૧૬૨૫ |
| વાલ દેશી | ૯૬૦ | ૧૧૪૯ |
| ચોળી | ૧૧૫૦ | ૧૭૦૦ |
| મઠ | ૧૨૦૦ | ૨૧૦૦ |
| વટાણા | ૯૨૧ | ૨૦૯૯ |
| કળથી | ૭૭૫ | ૮૨૫ |
| રાજમા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૫૨૫ |
| મગફળી જાડી | ૯૪૧ | ૧૨૦૫ |
| મગફળી જીણી | ૯૩૦ | ૧૧૭૫ |
| તલી | ૧૧૦૦ | ૧૮૭૬ |
| એરંડા | ૧૨૬૦ | ૧૨૯૯ |
| અજમો | ૮૭૫ | ૧૫૩૪ |
| સુવા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૨૯ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૩૬૫ |
| કાળા તલ | ૨૮૫૦ | ૩૮૬૬ |
| લસણ | ૫૯૦ | ૧૦૮૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૪૪ |
| ધાણી | ૧૩૧૫ | ૧૫૬૮ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૫૫૪ |
| જીરૂ | ૩૪૬૦ | ૩૭૩૦ |
| રાય | ૧૨૨૦ | ૧૪૮૦ |
| મેથી | ૮૫૦ | ૧૨૭૦ |
| કલોંજી | ૨૮૦૦ | ૪૦૦૦ |
| રાયડો | ૧૧૯૦ | ૧૨૯૦ |
| રજકાનું બી | ૪૫૦૧ | ૫૫૦૦ |
| ગુવારનું બી | ૯૦૦ | ૧૦૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૦ | ૪૬૦ |
| બટેટા | ૧૭૦ | ૩૫૧ |
| ડુંગળી સુકી | ૯૫ | ૩૦૦ |
| ટમેટા | ૪૦૦ | ૮૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| કોથમરી | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૨૫૦ | ૪૫૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૩૫૦ | ૬૨૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૫૦૦ | ૧૧૦૦ |
| ટીંડોળા | ૩૦૦ | ૮૦૦ |
| દુધી | ૨૩૦ | ૩૫૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૬૫૦ | ૧૦૫૦ |
| પરવર | ૯૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૪૫૦ | ૬૫૦ |
| કંટોળા | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ગલકા | ૨૫૦ | ૪૫૦ |
| બીટ | ૪૦૦ | ૬૦૦ |
| મેથી | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૫૦ |
| આદુ | ૪૦૦ | ૭૦૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૧૨૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૪૫૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૭૭ | ૧૦૭૪ |
| ગીરનાર શીંગ | ૧૦૩૬ | ૧૦૩૬ |
| શિંગ મોટી | ૭૫૦ | ૧૧૪૫ |
| શિંગ દાણા | ૧૩૦૦ | ૧૫૨૬ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૪૬૦ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૧૯૩૧ |
| તલ કાળા | ૧૬૦૦ | ૪૦૦૦ |
| તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૨૨૬૨ |
| બાજરો | ૩૬૧ | ૫૧૧ |
| જુવાર | ૮૧૦ | ૮૧૦ |
| ઘઉં ટુકડા | ૪૬૬ | ૫૬૦ |
| ઘઉં લોકવન | ૫૦૨ | ૫૬૫ |
| મગ | ૧૨૦૦ | ૧૫૭૫ |
| અડદ | ૧૩૫૬ | ૧૩૫૬ |
| ચણા | ૯૪૫ | ૧૨૦૧ |
| સફેદ ચણા | ૧૧૩૦ | ૧૧૫૭ |
| ચોળી | ૯૦૦ | ૧૩૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૯૯ |
| વાલ | ૭૭૭ | ૭૭૭ |
| કપાસ | ૧૦૧૦ | ૧૬૯૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૭૦ |
| જીરૂ | ૩૦૫૦ | ૩૭૭૫ |
| રાય | ૧૧૭૫ | ૧૩૨૫ |
| ધાણી | ૧૧૧૫ | ૧૪૦૨ |
| અજમા | ૮૦૦ | ૧૩૦૫ |
| મેથી | ૮૨૦ | ૯૩૨ |
| સોયાબીન | ૬૪૫ | ૮૧૨ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| શકકરીયા | ૬૫૦ | ૭૫૦ |
| ટમેટાં | ૭૦૦ | ૮૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ગાજર | ૫૫૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૩૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વટાણાં | ૨૪૦૦ | ૨૬૦૦ |
| ચોળા લીલાં | ૪૦૦ | ૫૫૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૩૨૦ | ૪૦૦ |
| આદુ | ૭૫૦ | ૮૩૦ |
| કોથમીર | ૩૫૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૪૫૦ | ૬૦૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૫૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૫૫૦ |
| બીટ | ૪૦૦ | ૫૩૦ |
| શીંગ ઓળા | ૮૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૬૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૧૨૩૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૨૫૦ |
| મકાઈ | ૨૬૦ | ૩૮૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૬૭૬ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૦૮ |
| મગફળી જીણી | ૭૦૧ | ૧૧૦૧ |
| સિંગદાણા જાડા | ૧૧૦૦ | ૧૪૫૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૦૧ |
| એરંડા / એરંડી | ૧૧૯૧ | ૧૩૦૬ |
| જીરૂ | ૨૮૦૧ | ૩૮૪૧ |
| કલંજી | ૧૨૦૧ | ૪૦૬૧ |
| ધાણા | ૮૦૧ | ૧૫૩૬ |
| લસણ સુકું | ૫૦૧ | ૧૦૪૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૨૫૧ |
| અડદ | ૧૧૫૧ | ૧૩૯૧ |
| તુવેર | ૧૦૩૬ | ૧૩૧૧ |
| રાયડો | ૯૫૦ | ૧૨૫૧ |
| રાય | ૧૩૪૧ | ૧૩૪૧ |
| મેથી | ૭૬૧ | ૧૩૩૧ |
| કાંગ | ૪૦૧ | ૫૯૧ |
| મગફળી જાડી | ૭૦૦ | ૧૨૪૬ |
| સફેદ ચણા | ૧૧૮૧ | ૧૯૭૧ |
| મગફળી નવી | ૫૫૦ | ૧૧૫૬ |
| તલ - તલી | ૧૦૫૧ | ૧૯૮૧ |
| ધાણી | ૯૦૧ | ૧૫૧૧ |
| ડુંગળી સફેદ | ૧૪૬ | ૧૯૬ |
| બાજરો | ૩૦૧ | ૪૦૧ |
| જુવાર | ૬૬૧ | ૮૮૧ |
| મકાઇ | ૩૦૧ | ૪૫૧ |
| મગ | ૧૦૦૧ | ૧૬૩૧ |
| ચણા | ૧૦૮૬ | ૧૨૧૧ |
| વાલ | ૪૨૧ | ૧૨૩૧ |
| ચોળા / ચોળી | ૭૬૧ | ૧૩૩૧ |
| સોયાબીન | ૬૫૬ | ૮૩૬ |
| ગોગળી | ૫૦૧ | ૧૦૨૧ |
| વટાણા | ૨૪૮૧ | ૨૪૮૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૫૦૦ | ૮૪૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૨૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૧૧૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૩૦ | ૪૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૩૦૦ |
| ગાજર | ૨૮૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૮૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૨૩૮૦ | ૩૦૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૪૪૦ |
| કેરી કાચી | ૬૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૭૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| લીમડો પુરા | ૩ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૩ | ૭ |
| કોથમીર પુરા | ૧ | ૭ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૫ | ૧૦ |
| કાચા કેળા | ૪૦૦ | ૫૦૦ |
| કંટોલા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૬૦ | ૫૦૦ |
| લીંબુ | ૬૦ | ૪૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૫ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૬૦૦ |
| કારેલા | ૪૦૦ | ૮૦૦ |
| વાલોર | ૫૦૦ | ૧૪૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૬૦૦ | ૯૦૦ |
| મકાઈ ડોડા | ૩૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૧ | ૫ |
| **ધારી** | | |
| મગફળી | ૧૦૨૧ | ૧૦૨૧ |
| ઘઉં લોકવન | ૪૩૧ | ૪૭૬ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૦ |
| સફેદ ચણા | ૧૨૪૪ | ૧૨૪૪ |
| તલ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| તુવેર | ૮૪૫ | ૯૦૦ |
| ધાણા | ૧૨૩૦ | ૧૩૫૦ |
| શીંગ દાણા | ૧૪૩૦ | ૧૪૩૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૫૫ |
| મેથી | ૭૫૫ | ૭૫૫ |
| ચોળી | ૭૮૧ | ૭૮૧ |
| સોયાબીન | ૭૪૫ | ૭૮૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૧૦ | ૧૪૮૫ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૩૭૫ | ૫૩૦ |
| ચણા | ૧૦૬૦ | ૧૧૫૩ |
| તલ સફેદ | ૧૦૬૦ | ૧૬૦૦ |
| સોયાબીન | ૭૧૦ | ૭૮૮ |
| શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૧૫ |
| ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૩૬૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| મેથી | ૭૧૦ | ૭૯૦ |
| તલકાળા | ૨૪૦૦ | ૨૪૦૦ |
| બાજરો | ૫૨૦ | ૫૨૦ |
| મગફળી | ૯૦૦ | ૧૦૧૫ |
| જુવાર | ૫૫૦ | ૬૮૦ |
| મગ | ૧૨૨૦ | ૧૩૬૦ |
| શીંગફાડા | ૧૦૨૦ | ૧૨૫૫ |
| એરંડી | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ચણા સફેદ | ૧૦૫૫ | ૧૦૫૫ |
| લશણ | ૩૦૦ | ૩૦૦ |
| ડુંગળી બી | ૫૫૦ | ૫૫૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૫૬૫ | ૧૬૭૧ |
| કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૫૦ |
| મગફળી | ૧૦૨૫ | ૧૦૯૫ |
| જીરૂ | ૨૭૫૫ | ૩૬૧૫ |
| તલ સફેદ | ૧૫૨૦ | ૧૯૧૦ |
| તલ કાળા | ૨૪૪૫ | ૩૮૦૫ |
| ઘઉં | ૪૮૦ | ૫૧૦ |
| ચણા | ૧૦૩૯ | ૧૧૪૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મોટી | ૧૦૪૦ | ૧૧૩૬ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૦૮૦ |
| શીંગ દાણા | --- | ૧૩૫૦ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૮૫૦ |
| તલ કાળા | ૩૩૫૦ | ૩૮૭૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૫૫૬ |
| કપાસ | ૧૩૭૫ | ૧૬૯૨ |
| ઘઉ લોકવન | ૪૧૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૬૦ |
| બાજરો | ૩૫૦ | ૫૦૬ |
| મગ | ૧૩૦૦ | ૨૦૨૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૪૫૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૫૦ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| એરંડી | ૧૦૫૦ | ૧૨૫૦ |
| મેથી | ૪૦૦ | ૭૫૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૪૫ | ૧૦૬૦ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૧૮૪૬ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૬૦૧ |
| તલ પીળા | ૧૮૫૩ | ૧૮૫૩ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| બાજરો | ૩૮૧ | ૪૯૭ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૫૬૫ |
| જુવાર | ૫૬૦ | ૯૧૨ |
| મગ | ૧૩૧૩ | ૧૩૧૩ |
| તુવેર | ૧૧૫૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૧૪ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૧૦૦ |
| મેથી | ૯૦૧ | ૯૦૧ |
| સોયાબીન | ૭૨૬ | ૭૯૦ |
| રાય | ૧૨૨૦ | ૧૨૨૦ |
| રાજગરો | ૧૨૦૫ | ૧૨૦૫ |
| શીંગદાણા | ૧૨૪૧ | ૧૫૫૧ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૮૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૬૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૬૦ |
| મગફળી | ૬૦૦ | ૯૭૦ |
| શિંગ દાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૭૬૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૩૪૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૮૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૧૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૮૦ | ૧૧૩૨ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૨૮ |
| ઘઉં | ૪૫૦ | ૫૨૯ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૫૬ |
| મેથી | ૭૫૦ | ૮૮૦ |
| જુવાર | ૬૦૦ | ૮૧૯ |
| ચોળી | ૭૫૦ | ૧૫૦૦ |
| અડદ | ૧૨૪૫ | ૧૪૩૩ |
| મગ | ૧૨૫૦ | ૧૭૪૫ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૮૫ |
| સફેદ તલ | ૧૨૫૦ | ૧૮૫૨ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૯૭૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૪૫ |
| સીંગદાણા | ૧૩૦૦ | ૧૫૯૦ |
| રજકો | ૩૫૦૦ | ૫૧૭૫ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૭૬૫ |
| બાજરો | ૩૮૦ | ૪૫૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૦ |
| મગ | ૧૧૭૦ | ૧૫૯૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૭૫ |
| તુવેર | ૫૦૫ | ૧૩૦૦ |
| ચોળી | ૯૨૦ | ૧૩૦૦ |
| મેથી | ૮૦૦ | ૧૦૪૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૩૫ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૩૧૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૫૧ |
| તલ | ૧૫૦૦ | ૧૮૫૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૬૨૦ |
| રાયડો | ૮૭૫ | ૯૦૦ |
| લસણ | ૪૨૫ | ૮૦૦ |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૬૫૫ |
| અજમો | ૯૦૦ | ૨૬૭૫ |
| ધાણા | ૭૨૦ | ૧૪૭૫ |
| ધાણી | ૧૨૦૫ | ૧૪૮૦ |
| ડુંગળી સૂકી | ૪૦ | ૭૭૫ |
| સોયાબીન | ૫૦૦ | ૭૭૫ |
| રાજમા | ૧૨૦૦ | ૧૫૯૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

## જિલ્લા પ્રમુખે અઠવાડિયામાં નિમણૂકની બાંહેધરી આપી

# બગસરામાં ભાજપના હોદ્દેદારોની નિમણૂંકનો વિવાદ જિલ્લા ભાજપ પ્રમુખ સુધી પહોંચ્યો

બગસરા તા.૨૧

બગસરા તાલુકામાં છેલ્લા ઘણા સમયથી ભાજપના હોદ્દેદારોની નિમણૂક બાબતે વિવાદ ચાલી રહ્યો હતો છેવટે આ મુદ્દાની રજૂઆત જિલ્લા ભાજપ પ્રમુખને કરવામાં આવેલ છે તેમજ તેમણે એક સપ્તાહમાં આ પ્રશ્નનો અંત લાવવાની બાંહેધરી આપતા કાર્યકરોમાં હાશકારો થયો છે. ભાજપ દ્વારા અમરેલી જિલ્લાના મોટાભાગના તાલુકામાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારના પ્રમુખ તથા મહામંત્રીની નિમણૂકની જાહેરાત કરી દેવામાં આવેલ છે. પરંતુ બગસરા શહેરના માત્ર પ્રમુખની જાહેરાત કરવામાં આવેલ હતી. બે મહામંત્રીને નિમણૂક બાબતે ખૂબ જ રાજકીય ખેંચતાણ ચાલતી હોવાથી મહામંત્રીના હોદ્દા કોઈપણને ફાળવવામાં આવ્યા ન હતા. આ બાબતે કાર્યકરોમાં ખૂબ જ નારાજગી જોવા મળતી હતી. મહામંત્રી ન હોવાને કારણે પાર્ટીના કામકાજમાં પ્રમુખ કક્ષાએથી તમામ કાર્યવાહી કરવી પડતી હતી. બગસરા શહેરમાં લોકાર્પણ માટે આવેલા જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીને આ બાબતે રજૂઆત કરવામાં આવતા તેમણે આ વિવાદનો અંત ટૂંક સમયમાં લાવી એક સપ્તાહની અંદર બગસરામાં બે મહામંત્રીની નિમણૂક કરવામાં આવશે તેવું જણાવ્યું હતું. હવે જિલ્લા ભાજપના પ્રમુખનો વાયદો સાચો ઠરે છે કે વિવાદ વધે છે તે જોવાનું રહેશે.

### જિલ્લા ભાજપ પ્રમુખ માત્ર વાયદાઓ જ આપે છે

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખને જયારે પણ બગસરામાં શહેર ભાજપ મહામંત્રી સહિત અન્ય હોદ્દાઓની કયારે વરણી કરવામાં આવશે તેવું પુછવામાં આવતા છેલ્લાં એક મહિનાથી તારીખ પે તારીખ આપી રહ્યાં છે. જેથી હવે જિલ્લા ભાજપ પ્રમુખે અઠવાડીયાની તારીખ આપી છે પણ કાર્યકરોને જિલ્લા ભાજપ પ્રમુખની તારીખમાં વિશ્વાસ નથી.

### બે રાજકીય નેતાઓની ખેંચતાણમાં નિમણૂક ટલ્લે ચડી !!!

બગસરામાં શહેર ભાજપ પ્રમુખ બાદ હવે મહામંત્રીની નિમણૂકનો પ્રશ્ન ટલ્લે ચડ્યો છે. આધારભૂત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ બે રાજકીય નેતાઓની લડાઈમાં મહામંત્રીનો પ્રશ્ન અધ્ધરતાલ રહ્યો છે. પોતાના હિતેચ્છુને મહામંત્રી બનાવવા માટે રાજકીય નેતાઓ ધમપછાડા કરી રહ્યાં છે. જો કે હવે મહામંત્રી કોણ બને છે તે આગામી સમયમાં ખબર પડી જશે.

# સોમનાથ મંદિરમાં યુવતીની તબિયત બગડતા બેભાન થઈ ઢળી પડી



ગીર સોમનાથ,તા.૨૧

વિશ્વપ્રસિદ્ધ સોમનાથ મંદિરમાં ગઈ બપોરે નૃત્ય મંડપમાં એક યુવતી અચાનક બેભાન થઈ ઢળી પડતાં ચકચાર મચી હતી. ઘટનાની જાણ થતાં નાયબ પોલીસ અધીક્ષક સીસી ખટાણાના માર્ગદર્શન હેઠળ મહિલા પોલીસ કર્મચારીઓ પુરીબહેન ગોવિંદભાઈ, કાજલબેન રામભાઈ, હંસાબેન રામસિંહભાઈ અને રીટાબેન વજુભાઈએ તાબડતોડ યુવતીને દવાખાને ખસેડી હતી. સારવાર બાદ ભાનમાં આવેલી યુવતી સુરતની હોવાનું જાણવા મળ્યું હતું અને તેના પરિવારજનોએ તેને ગુમસુદા જાહેર કરી ફરિયાદ નોંધાવી હતી. પોલીસ દ્વારા માહિતી આપતાં યુવતીનો પરિવાર સંપર્કમાં આવ્યો અને પુનઃમિલન શક્ય બન્યું.

# મનરેગા કૌભાંડ : હીરા જોટવાની નિર્દોષતા માટે સર્વે સમાજનું સમર્થન, રાજકીય કિન્નાખોરીનો આરોપ

ગીર સોમનાથ,તા.૨૧

ગીર સોમનાથ જિલ્લામાં મનરેગા કૌભાંડ મામલે આહીર સમાજના આગેવાન હીરાભાઈ જોટવાની તરફેણમાં સર્વે સમાજના લોકોએ આવેદનપત્ર પાઠવીને તેમનું સમર્થન કર્યું છે. પ્રભાસ પાટણ પોલીસે હીરાભાઈને પૂછપરછ માટે બોલાવ્યા બાદ તેમની અટકાયત કરતા આ વિવાદ વકર્યો છે. આવેદનપત્રમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે મનરેગા કૌભાંડમાં હીરાભાઈ કે તેમના પરિવારની કોઈ સીધી સંડોવણી નથી. જે પેઢીમાં આ કૌભાંડ થયું છે તેમાં તેઓ કે તેમનો પરિવાર માલિક કે ભાગીદાર પણ નથી. તેમ છતાં, એક વ્યક્તિના કહેવાથી તેમની સામે પ્રાથમિક માહિતી રિપોર્ટ (FIR) નોંધવામાં આવી છે. ઉનાના પૂર્વ ધારાસભ્ય અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પુંજાભાઈ વંશની આગેવાનીમાં જિલ્લા કલેક્ટરને આપવામાં આવેલા આવેદનપત્રમાં સ્પષ્ટ આરોપ મૂકવામાં આવ્યો છે કે હીરાભાઈ અને તેમના પુત્રની ધરપકડ રાજકીય કિન્નાખોરીથી કરવામાં આવી છે. આ કાર્યવાહી તેમના જાહેરજીવનને ખતમ કરવા માટે રચવામાં આવેલું એક વ્યવસ્થિત ષડયંત્ર હોવાનો દાવો કરવામાં આવ્યો છે.



તસવીર : કૈલાશ ભટ્ટ

# ઢુંઢિયા પીપળીયા ગામે રાખોલીયા પરિવારને સાંત્વના પાઠવતા પરેશ ધાનાણી



અમરેલી તારીખ ૨૧

થોડા દિવસ પહેલા વડીયા તાલુકાના ઢુંઢિયા પીપળીયા ગામે રાત્રિના સમયે અજાણ્યા શખ્સો દ્વારા રાખોલીયા પરિવારના વૃદ્ધ દંપતીની નિર્મમ હત્યા કરવામાં આવી હતી. જેને લઈને પૂર્વ વિપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી ઢુંઢિયા પીપળીયા ગામ ખાતે દોડી ગયા હતા અને રાખોલીયા પરિવારને સાંત્વના પાઠવી હતી. સાથે જ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોવાનું જણાવી હત્યારાઓને ઝડપી પાડવા સરકાર સમક્ષ માંગણી કરી હતી.

# ગીર સોમનાથ સેવા સદન ખાતે માર્ગ સલામતી અને કોસ્ટલ સિક્યોરિટીની બેઠક યોજાઈ

ગીર સોમનાથ,તા.૨૧

ગીર સોમનાથ જિલ્લાના સેવા સદન ખાતે નિવાસી અધિક કલેક્ટર રાજેશ આલના અધ્યક્ષસ્થાને માર્ગ સલામતી સમિતિ અને કોસ્ટલ સિક્યોરિટીની બેઠક યોજાઈ. માર્ગ સલામતી બેઠકમાં વાહનચાલકોની સુરક્ષા અંગે સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓને દિશાનિર્દેશ આપવામાં આવ્યા. કોસ્ટલ સિક્યોરિટીની બેઠકમાં એસ.ઓ.જીના વાઘેલાએ દરિયાકાંઠાની સુરક્ષા અંગે માહિતી આપી. ફીશ લેન્ડીંગ પોઈન્ટ, પોર્ટ, એસપીએમ, ટાપુઓ અને વાઈટલ ઈન્સ્ટોલેશનની સુરક્ષા તેમજ મરીન પોલીસ સ્ટેશનની કામગીરી પર ચર્ચા થઈ. મરીન સલામતીમાં માછીમારોના સહકારની જરૂરિયાત પર ભાર મૂકાયો. બેઠકમાં પ્રાંત અધિકારી કે.આર. પરમાર, જિલ્લા શિક્ષણાધિકારી એમ.પી. બોરિચા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી દુદખિયા સહિત વિવિધ વિભાગના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.





તસવીર : કૈલાશ ભટ્ટ

# વેરાવળમાં ઘરેથી કહ્યા વગર જતા રહેલા બાળકનું પોલીસે પરિવાર સાથે મિલન કરાવ્યું

વેરાવળ,તા.૨૧

વેરાવળ સિટી પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કવોડના હેડ કોન્સ. વિશાલભાઈ ગળચર, હેડ.કોન્સ. કરણસિંહ ભલગરીયા અને કોન્સ. જયેશભાઈ બાલુભાઈ ડોડીયા તા. ૧૮/૦૭/૨૦૨૫ના રોજ સિટીમાં નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હતા ત્યારે વેરાવળ હુડકો સોસાયટી સાંઈબાબા મંદિરની પાસે એક બાળક જોવા મળ્યું હતું. તેની પ્રાથમિક પૂછપરછ કરતાં તે તોતડી ભાષામાં આડા-અવળા જવાબો આપતો હતો. આથી તેને સાંત્વના આપી પૂછપરછ કરતા તેણે પોતાનું નામ અલારાખાભાઈ નજીરભાઈ મનસુરી રહે.અમદાવાદ ફતેવાડી મૂળ રહે.ગામ.પુદગામ મહેસાણા હોવાનું જણાવેલ. તે ચારેક દિવસ પહેલા પોતાના ઘરેથી પોતાની મેળે નીકળી ચોટીલા થઈ વેરાવળ ખાતે આવેલ હોવાનું જણાવેલ. તેને વેરાવળ પો.સ્ટે. ખાતે લઈ તેમના સગા સંબંધીઓનો ટેલીફોનીક સંપર્ક કરી પૂછપરછ કરી અને તેના સગા મોટા ભાઈ તાહીરભાઈ નજીરભાઈ મનસુરીનો સંપર્ક કરીને તેઓ પોલીસ સ્ટેશન આવી જતા તેમને સોંપેલ હતો.



તસવીર : કૈલાશ ભટ્ટ

# મોન્સૂન સત્ર વચ્ચે જગદીપ ધનખડનું ઉપરાષ્ટ્રપતિ પદેથી રાજીનામું

નવી દિલ્હી, ૨૧

જગદીપ ધનખડે ઉપરાષ્ટ્રપતિ પદ પરથી સ્વાસ્થ્ય કારણોસર રાજીનામું આપ્યું છે. તેઓ ૭૪ વર્ષના છે. જગદીપ ધનખડનો કાર્યકાળ ૧૦ ઓગસ્ટ, ૨૦૨૭ સુધીનો હતો. રાષ્ટ્રપતિને લખેલા પત્રમાં તેમણે લખ્યું હતું કે - "સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપીને અને તબીબી સલાહનું પાલન કરીને, હું તાત્કાલિક અસરથી ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપી રહ્યો છું." પત્રમાં તેમણે રાષ્ટ્રપતિનો તેમના સહયોગ અને સૌહાર્દપૂર્ણ સંબંધો બદલ આભાર માન્યો. તેમણે વડાપ્રધાન અને મંત્રીમંડળનો પણ તેમના સહયોગ બદલ આભાર માન્યો. ૨૦૨૨માં, જગદીપ ધનખડે ૧૪મા ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા. ૬ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ યોજાયેલી ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં, ધનખડે વિપક્ષી ઉમેદવાર માર્ગારેટ આલ્વાને હરાવ્યા હતા.



# ધોરાજીમાં જુગારધામ પર રેડ, છ ઈસમો ઝડપાયા

**પોલીસે જુગારધામ પર રોકડા રૂ.૩૨.૪૭૦ જપ્ત કર્યા**

ધોરાજી,તા.૨૧

ધોરાજી શહેર પોલીસના ઈન્ચાર્જ પી.આઈ. જે.પી. ગોસાઈ અને તેમની ટીમે મળેલી બાતમીના આધારે તુફેલ મુખ્તાર કારવાંના નિવાસસ્થાને રેડ પાડી હતી. તુફેલ કારવાં તેમના ઘરે બહારથી માણસોને બોલાવી જુગાર રમાડતો હોવાની માહિતીના આધારે પોલીસ પહોંચી હતી. રેડ દરમિયાન તુફેલ કારવાં સહિત ઈસ્માઈલભાઈ સંધી, રફિક વીરપડિયા, હુશેન ગરાણા, મોહસીન ગાબોલ અને રિઝવાન ગરાણા ઝડપાયા હતા. પોલીસે સ્થળ પરથી ગંજીપાના પાન અને રોકડા રૂ. ૩૨,૪૭૦ જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડોળાસા ગામે સાવજોના હુમલાથી ભયનો માહોલ, બે ઢોરનું મારણ

કોડીનાર,તા.૨૧

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે બોડીદર રોડ પાસે આવેલી રહેણાંક વિસ્તારમાં ૨૦મી જુલાઈની મધ્યરાત્રે ચાર સિંહોનું ટોળું ઘૂસી આવ્યું હતું. ટોળાએ બે ઢોરનું મારણ કરતાં ગ્રામજનોમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે. હાલમાં ખેતી સિઝન ચાલુ હોય ખેડૂતો વારંવાર વાડીઓમાં જતાં હોય છે, એ સમયે રાત્રે પણ અવરજવર રહે છે. એવા સમયમાં ગામમાં સિંહો ઘૂસી જતાં લોકોમાં આક્રમક પશુઓનો ડર છવાયો છે. સ્થાનિક ગ્રામજનો અને ખેડૂતોએ જામવાળા વનવિભાગને પોકાર કરતા સાવજોના ટોળાને જંગલ વિસ્તારમાં પાછા મોકલવાની માંગ ઉઠી છે.



તસવીર : અનીલ કાનાબાર


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૦૬/૨૦૨૫ તા.૦૩/૦૭/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. લીંબાસીયા કમળાબેન વાલજીભાઈ
રહે.સિમરણ તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી, સિમરણ, તા. સાવરકુંડલા જી. અમરેલી તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર અશ્વિનભાઈ વાલજીભાઈ લીંબાસીયાનો જન્મ તા.૧૦/૧૦/૧૯૮૨ ના રોજ મુ.સિમરણ તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા



**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૦૪/૨૦૨૫ તા.૦૩/૦૭/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. લીંબાસીયા કમળાબેન વાલજીભાઈ
રહે.સિમરણ તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી, સિમરણ, તા. સાવરકુંડલા જી. અમરેલી તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી સગુણાબેન વાલજીભાઈ લીંબાસીયાનો જન્મ તા.૦૧/૦૩/૧૯૯૦ ના રોજ મુ.સિમરણ તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા


# કોડીનાર તાલુકાના ડોળાસા ગામની જેન્શી કાનાબાર ટેનિસમાં વિશ્વસ્તરે છવાઈ

ડોળાસા તા.૨૧

કોડીનાર તાલુકાના ડોળાસા ગામના વતની હાલ જૂનાગઢ સ્થિત દીપકભાઈ કાનાબારની પુત્રી જેન્શી કાનાબાર માત્ર ૧૩ વર્ષની ઉંમરે ટેનિસના માધ્યમથી વિશ્વ પટલ પર છવાઈ ગઈ છે. તાજેતરમાં ઈંગ્લેન્ડ ખાતે અંડર ૧૪ ટેનિસ ટુર્નામેન્ટ યોજાઈ ગઈ. જેમાં માત્ર ચૌદ વર્ષની ઉંમરમાં વિશ્વસ્તરની ટેનિસ ટુર્નામેન્ટમાં ભાગ લઈ દેશનું નામ રોશન કરનાર જેન્શી કાનાબારની રમતથી પ્રભાવિત થઈ ટેનિસની રમતમાં ચમકતો સિતારો માર્ટિના હિંગીસ દ્વારા તેની પ્રશંસા કરી ભારતનું ભવિષ્ય ગણાવ્યું હતું.



તસવીર : અનીલ કાનાબાર


**-// મામલતદાર અને એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ધારી //-**

જ.મ.અપીલ રજી. નં.૨૮૧/૨૦૨૪-૨૫ તા.૧૭/૦૭/૨૦૨૫

અરજદાર :- શ્રી હિંમતભાઈ નાનજીભાઈ બાબરીયા
રહે.મીઠાપુર ડુંગરી, તા.ધારી જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મીઠાપુર ડુંગરી, તા.ધારી જી.અમરેલી

**:: જાહેર નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ધારી તાલુકાના મીઠાપુર ડુંગરી ગામમાં અરજદારશ્રી હિંમતભાઈ નાનજીભાઈ બાબરીયાએ તેઓના પોતાનો નો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૫ નાં રોજ થયેલ હોવાની નોંધ દાખલ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ ફરમાવવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૭/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહિ
એકિઝક્યુટીવ મેજિસ્ટ્રેટ, ધારી

## ધર્માંતરણ કેસમાં આગ્રા પોલીસે ગેંગના મુખ્ય આરોપી અબ્દુલ રહેમાનની ધરપકડ કરી

આગ્રા,તા.૨૧




આગ્રા ધર્માંતરણ કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. આગ્રા પોલીસે આ ગેંગના મુખ્ય આરોપી અબ્દુલ રહેમાનની દિલ્હીના મુસ્તફાબાદથી ધરપકડ કરી છે. પોલીસને અબ્દુલ રહેમાન પાસેથી ધર્માંતરણ સંબંધિત પુસ્તકો મળી આવ્યા છે. પોલીસને દિલ્હીના તે ઘરમાંથી એક પુખ્ત છોકરી પણ મળી છે જેની ધરપકડ કરવામાં આવી હતી, જે નવેમ્બરમાં હરિયાણાના રોહતકથી ગુમ થઈ ગઈ હતી. રોહતક પોલીસને આ અંગે જાણ કરવામાં આવી છે. ઉપરાંત, પોલીસ અબ્દુલ રહેમાનને પૂછપરછ માટે આગ્રા લાવી છે.

યુપીમાં ગેરકાયદેસર ધર્માંતરણ પર પોલીસે કડક પકડ બનાવ્યા બાદ, આ કાળા ધંધાના પડદા ધીમે ધીમે ખુલ્લા પડી રહ્યા છે. યુપી એટીએસે પહેલા ચાંગુર ગેંગના સામ્રાજ્યને તોડી પાડ્યું હતું, હવે આગ્રામાં સૌથી મોટા ધર્માંતરણ રેકેટનો પર્દાફાશ થયો છે. ૬ રાજ્યોમાં ફેલાયેલી આ ગેંગના ૧૧ આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે. પોલીસ તેમની પાસેથી ધર્માંતરણ રેકેટનું રહસ્ય બહાર કાઢવામાં વ્યસ્ત છે. આરોપીઓએ રહસ્ય જાહેર કર્યા પછી, આગ્રા પોલીસ દિલ્હીના મુસ્તફાબાદ પહોંચી હતી જ્યાં તેણે આ ધર્માંતરણ રેકેટના મુખ્ય આરોપીની ધરપકડ કરી હતી. પોલીસ આ આરોપીને પોતાની સાથે દિલ્હીથી આગ્રા લઈ ગઈ છે અને તેની કડક પૂછપરછ ચાલી રહી છે.

## નેપાળમાં ભૂસ્ખલનને કારણે ૧૧ હાઈવે બંધ, ભારે વરસાદની આગાહી

કાઠમંડુ,તા. ૨૧



અવિરત વરસાદ બાબતે ચર્ચા કરતા અધિકારીઓએ જણાવ્યું હતું કે, સતત વરસી રહેલા વરસાદ પછી આવેલા પૂર અને ભૂસ્ખલનને કારણે નેપાળમાં ૧૧ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સંપૂર્ણપણે બંધ થઈ ગયા છે, જેના કારણે દૂરના પહાડી વિસ્તારોના રોજિંદા જીવન પર અસર પડી છે. જળવિજ્ઞાન અને હવામાન વિભાગે ૨૧ જુલાઈ સુધી દેશભરમાં ભારે વરસાદની આગાહી કરી છે અને નેપાળના સ્વતંત્ર પાવર ઉત્પાદક સંગઠને તમામ જળવિદ્યુત પ્રોજેક્ટ્સને સંભવિત માનવ અને ભૌતિક નુકસાનને ઘટાડવા માટે ઉચ્ચ ચેતવણી પર રહેવા વિનંતી કરી છે. સરકારે એલર્ટ જારી કર્યું છે. ગૃહ મંત્રાલયના અધિકારીઓએ મુખ્ય નદીઓ નજીકના લોકોને સાવચેત રહેવા અને ગંભીર હવામાન આગાહીઓને ધ્યાનમાં રાખીને સાવચેતી રાખવા ચેતવણી આપી છે કારણ કે હવામાન પ્રણાલી, જે પૂર્વ નેપાળથી સક્રિય થશે, પછી પશ્ચિમ નેપાળ તરફ આગળ વધશે. પૂર્વ નેપાળમાં કોશી, તામોર, અરુણ, તામાકોશી, દૂધકોશી, કનકાઈ નદીઓમાં પાણીના સ્તરમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે, કોશી નદી સંભવતઃ ભયના સ્તર સુધી પહોંચી શકે છે.


## મહારાષ્ટ્રમાં ભાષા વિવાદ વચ્ચે દિલ્હી સરકારનો અનોખો પ્રસ્તાવ

નવીદિલ્હી,તા.૨૧

મહારાષ્ટ્રમાં છેલ્લા કેટલાક સમયથી ભાષા વિવાદ ચાલી રહ્યો છે, ત્યારે દેશની રાજધાની દિલ્હીમાં ભાષાને લઈને એક નવો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. હકીકતમાં, મહારાષ્ટ્ર સરકારે શાળાઓમાં હિન્દી ભાષાને ત્રીજી ફરજિયાત ભાષા બનાવવાનો આદેશ આપ્યા પછી, મરાઠી વિરુદ્ધ હિન્દી વચ્ચેનો સંઘર્ષ શરૂ થયો. હોબાળો વધ્યા પછી, મહારાષ્ટ્ર સરકારે પોતાનો નિર્ણય પાછો ખેંચી લીધો, પરંતુ રાજ્યમાં ભાષા વિવાદ હજુ પણ ચાલી રહ્યો છે. દરમિયાન, દિલ્હી સરકારે ભાષા અંગે એક મોટું પગલું ભર્યું છે. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ પરસ્પર સમજણ અને સંવાદિતાને પ્રોત્સાહન આપવા માટે અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓ સાથે એક કાર્યક્રમ શરૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. અધિકારીઓ દ્વારા માહિતી આપવામાં આવી હતી. એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે.

## બાંગ્લાદેશ વાયુસેનાનું એફ-૭ તાલીમ વિમાન ઢાકામાં શાળા પર ક્રેશ થતાં ૧૯ લોકોના મોત, ૭૦થી વધુ ઘાયલ

ઢાકા,તા. ૨૧



ભારતના પાડોશી દેશમાં એક દુઃખદ ઘટનામાં, લશ્કર અને ફાયર અધિકારીના જણાવ્યા અનુસાર, સોમવારે ઢાકાના ઉત્તરી ઉત્તરા વિસ્તારમાં બાંગ્લાદેશ વાયુસેનાનું તાલીમ વિમાન એફ-૭ એક શાળાના કેમ્પસમાં ક્રેશ થયું. આ ઘટના ત્યારે બની જ્યારે વિદ્યાર્થીઓ માઈલસ્ટોન સ્કૂલ એન્ડ કોલેજમાં હાજર હતા. બાંગ્લાદેશના કાર્યકારી વડાપ્રધાન મુહમ્મદ યુનુસે આ દુર્ઘટનાને "અપરિવર્તનીય" ગણાવી, પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. તેમણે દુર્ઘટનાના કારણની સંપૂર્ણ તપાસનું વચન પણ આપ્યું અને અસરગ્રસ્તોને "તમામ પ્રકારની સહાય" આપવાનું વચન આપ્યું. લશ્કરના જનસંપર્ક વિભાગના એક નિવેદન અનુસાર, તાલીમ હેતુ માટે ઉપયોગમાં લેવાતું F-૭ BGI ફાઈટર જેટ, સ્થાનિક સમય અનુસાર બપોરે ૧:૦૬ વાગ્યે (૦૭:૦૬ GMT) નજીકના બેઝ પરથી ઉડાન ભરીને માઈલસ્ટોન સ્કૂલ એન્ડ કોલેજ કેમ્પસમાં ક્રેશ થયું. કટોકટી પ્રતિભાવ આપનારાઓ ઘટનાસ્થળે તાત્કાલિક દોડી ગયા.

## 'ઓપરેશન સિંદૂર'ના ફટકાથી ગાંધી પરિવાર પાકિસ્તાન કરતાં વધુ રડી રહ્યો છે : કેશવ પ્રસાદ મૌર્ય

લખનૌ,તા.૨૧

ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યએ ફરી એકવાર લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર હુમલો કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો છે કે 'ઓપરેશન સિંદૂર'ના ફટકાથી ગાંધી પરિવાર પાકિસ્તાન કરતાં વધુ 'રડી રહ્યો છે'. કેશવ પ્રસાદ મૌર્યએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ "એક્સ" પર એક પોસ્ટમાં કહ્યું, "લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધી ભારતની ઓછી અને પાકિસ્તાનની વધુ ચિંતા કરે છે. તેથી જ, 'ઓપરેશન સિંદૂર'ના ફટકાથી ગાંધી પરિવાર પાકિસ્તાન કરતાં વધુ 'કકળાટ' કરી રહ્યો છે." તેમણે પોસ્ટમાં કહ્યું, "કોંગ્રેસ વારંવાર ભારતીય સેનાનું અપમાન કરે છે જેથી તે તેના પાડોશી દેશ પાકિસ્તાનને ખુશ કરી શકે." મૌર્યએ કહ્યું, "ખરેખર, સત્તા પરથી હાંકી કાઢવાને કારણે કોંગ્રેસ પોતાના હોશ ગુમાવી ચૂકી છે.

## ઉત્તર પ્રદેશ પોલીસે મુઝફ્ફરનગરમાં મોટા આતંકવાદી કાવતરાનો પર્દાફાશ કર્યો, ISI કનેક્શનની શંકા

મુઝફ્ફરનગર, તા. ૨૧



ઉત્તર પ્રદેશના મુઝફ્ફર નગરમાં પોલીસે એક મોટી સફળતા મેળવી છે, જેમાં આ વિસ્તારમાં સાંપ્રદાયિક હિંસા અને એકલા હુમલાઓ ભડકાવવાના હેતુથી મોટા પાયે આતંકવાદી કાવતરાને નિષ્ફળ બનાવ્યું છે. સોમવારે એક પત્રકાર પરિષદને સંબોધતા, ડીઆઈજી સહારનપુર અભિષેક સિંહે કાવતરાના સંબંધમાં ત્રણ લોકોની ધરપકડની પુષ્ટિ કરી, જેમાં ભંગાણના પ્રયાસ વિશે ચિંતાજનક વિગતો જાહેર કરવામાં આવી. "આ વ્યક્તિઓ ઉચ્ચ શિક્ષિત નથી, પરંતુ તેમનો ઉપયોગ વોટ્સએપ દ્વારા નકલી અને ઉશ્કેરણીજનક વીડિયો ફેલાવવા માટે કરવામાં આવી રહ્યો હતો," ડીઆઈજી સિંહે જણાવ્યું. તેમણે કહ્યું કે બજરંગ દળ દ્વારા મુસ્લિમ મહિલાઓ અને બાળકોની ક્રૂર હત્યાઓનું ખોટી રીતે ચિત્રણ કરતા વીડિયો સમુદાયોમાં નફરત અને અશાંતિ ભડકાવવા માટે કથિત રીતે પ્રસારિત કરવામાં આવ્યા હતા. "સ્થાનિક વોટ્સએપ ગ્રુપમાં એક પાકિસ્તાની વીડિયો શેર કરવામાં આવ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે બજરંગ દળે મુસ્લિમ પરિવારો પર હુમલો કર્યો છે. અમને શંકા છે કે આ વીડિયો આગામી કાવડ યાત્રા દરમિયાન હિંસા ભડકાવવા માટે ISI હેન્ડલર્સ દ્વારા પૂરો પાડવામાં આવ્યો હતો,"

## અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બરાક ઓબામાની ધરપકડ દર્શાવતો AI-જનરેટેડ વીડિયો શેર કર્યો

વાશિંગટન, તા. ૨૧



યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાને ઓવલ ઓફિસની અંદર FBI એજન્ટો દ્વારા ધરપકડ કરવામાં આવી રહી છે તેવો AI-જનરેટેડ વીડિયો શેર કર્યો. ટ્રમ્પે રવિવારે (સ્થાનિક) સમય મુજબ તેમના ટ્રૂથ સોશિયલ પ્લેટફોર્મ પર આ વીડિયો પોસ્ટ કર્યો, જે ઝડપથી વાયરલ થયો. ટ્રૂથ સોશિયલ પોસ્ટમાં, ટ્રમ્પે ઓબામા સહિત વિવિધ ડેમોક્રેટ્સનો ટિકટોક વીડિયો શેર કર્યો, જેમાં તેમણે કહ્યું કે "કોઈ પણ કાયદાથી ઉપર નથી." ૪૫ સેકન્ડના AI-જનરેટેડ ડીપફેક વીડિયોમાં એક ખૂબ જ વાસ્તવિક પરંતુ સંપૂર્ણપણે બનાવટી દ્રશ્ય દર્શાવવામાં આવ્યું છે જેમાં ટ્રમ્પ અને ઓબામા ઓવલ ઓફિસમાં દેખાય છે. જેમ જેમ વીડિયો આગળ વધે છે, ઓબામાની એજન્ટો દ્વારા ધરપકડ કરવામાં આવે છે જ્યારે ટ્રમ્પ હસતા નજરે પડે છે, અને પૃષ્ઠભૂમિમાં "YMCA" ગીત વાગી રહ્યું છે. આ વીડિયો ટિકટોક પર ઉદ્ભવ્યો હોવાનું કહેવાય છે અને બાદમાં ટ્રમ્પ દ્વારા કોઈપણ સીધી ટિપ્પણી વિના સોશિયલ મીડિયા પર ફરીથી શેર કરવામાં આવ્યો હતો.

## કોચીથી મુંબઈ આવતી એર ઈન્ડિયાની ફ્લાઈટ રન-વે પરથી લપસી

મુંબઈ,તા.૨૧



કોચીથી મુંબઈ આવતી એર ઈન્ડિયાની ફ્લાઈટ સોમવારે સવારે લેન્ડિંગ દરમિયાન રન-વે પરથી લપસી ગયાના અહેવાલ સામે આવ્યા છે. મુંબઈમાં ભારે વરસાદને કારણે આ સ્થિતિ સર્જાઈ હતી અને વિમાનના ત્રણ ટાયર ફાટી ગયા હતા. જેના લીધે વિમાન લપસીને રન-વેથી ઉતરી ગયું હતું. પ્રાથમિક તપાસમાં જાણકારી મળી કે ખરાબ હવામાનને કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. ઘટનાસ્થળને જોતાં જાણકારી મળી કે રન-વે પર લપસી જવા જેવી સ્થિતિ સર્જાઈ હતી. સૂત્રો કહે છે કે લેન્ડિંગ દરમિયાન ત્રણ ટાયર ફાટી જતાં એરક્રાફ્ટના એન્જિનને પણ નુકસાન થયું છે. જોકે સદભાગ્યે લેન્ડિંગ સફળ રહ્યું અને તમામ ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે.

## અમરનાથ યાત્રાના ૧૬મા દિવસે ૧૬,૮૮૬ શ્રધ્ધાળુઓએ દર્શન કર્યા

પહેલગામ,તા.૨૧

અમરનાથ યાત્રાના ૧૬મા દિવસે, ૧૬,૮૮૬ શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફામાં બરફના શિવલિંગના દર્શન કર્યા. આ ૧૬ દિવસમાં ૩ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફા મંદિરના દર્શન કર્યા છે. પવિત્ર અમરનાથ યાત્રા ૩ જુલાઈથી શરૂ થઈ હતી. જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ જણાવ્યું હતું કે વાર્ષિક અમરનાથ યાત્રા માટે શ્રદ્ધાળુઓની સંખ્યા રવિવારે ત્રણ લાખનો આંકડો પાર કરી ગઈ છે. આ પવિત્ર યાત્રા એક અત્યંત સમૃદ્ધ અનુભવ છે.

યાત્રાના પહેલા દિવસે ગુરુવારે ૧૨,૩૪૮ યાત્રાળુઓ, શુક્રવારે ૧૪,૫૧૫, શનિવારે ૨૧,૧૦૯, રવિવારે ૨૧,૫૧૨ યાત્રાળુઓ અને સોમવારે ૨૩,૮૫૭ યાત્રાળુઓ દર્શન માટે પહોંચ્યા હતા.

## 'વિપક્ષનો નેતા હોવા છતાં મને લોકસભામાં બોલવાનો હક્ક નથી' રાહુલના પ્રહારો

ન્યુ દિલ્હી,તા.૨૧



સંસદના ચોમાસુ સત્રના પહેલા દિવસે હોબાળો થયો. પહેલગામ આતંકવાદી હુમલો, ઓપરેશન સિંદૂર અને બિહારમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણાને લઈને વિપક્ષે લોકસભા અને રાજ્યસભા બંનેમાં હોબાળો કર્યો હતો અને આ મુદ્દાઓ પર ચર્ચાની માંગ કરી. લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષના સભ્યોએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કરી દીધું. તેમજ રાહુલ ગાંધીએ પણ સત્તા પક્ષ પર મોટો આરોપ લગાવી દીધો છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સંસદ ભવનની બહાર પત્રકારો સામે પક્ષપાતનો આરોપ લગાવ્યો અને કહ્યું કે, 'વિપક્ષનો નેતા હોવા છતાં, મને લોકસભામાં બોલવાનો હક્ક નથી. રક્ષા મંત્રી અને સરકારના અન્ય લોકોને બોલવાની છૂટ છે, પરંતુ વિપક્ષી નેતાઓને બોલવાની મંજૂરી નથી.

## દક્ષિણ કોરિયામાં વરસાદથી ૧૮ના મોત, ૯ લોકો ગૂમ: ગુહ મંત્રાલય

ગેપ્યોંગ,તા. ૨૧



સોમવારે દક્ષિણ કોરિયામાં ભારે વરસાદ બાદ હવામાનમાં પલટો આવ્યો હતો, જેના કારણે પૂર અને ભૂસ્ખલન થયું હતું અને ઓછામાં ઓછા ૧૮ લોકો માર્યા ગયા હતા, એમ ગૃહ અને સલામતી મંત્રાલયે જણાવ્યું હતું.

રવિવાર સાંજ સુધી નવ લોકો ગુમ થયા હોવાનું મંત્રાલયે જણાવ્યું હતું, જેમાં સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોના રહેવાસીઓ આઘાતમાં છે. રાજધાની સિઓલથી લગભગ ૬૨ કિલોમીટર (૩૮.૫ માઈલ) ઉત્તરપૂર્વમાં આવેલા ગેપ્યોંગમાં, રવિવારે માત્ર ૧૭ કલાકમાં ૧૭૩ મિલીમીટર (૬.૮ ઈંચ) વરસાદ પડ્યો હતો, જેના કારણે કેટલાક રહેવાસીઓ પૂરમાં તણાયા હતા, ૯ બચી શક્યા હતા. ગેપ્યોંગ એવા અનેક સ્થળોમાંનું એક હતું જ્યાં એક જ દિવસમાં રેકોર્ડ વરસાદ પડ્યો હતો અને ૩૦ સપ્ટેમ્બર, ૧૯૯૮ ના રોજ રાષ્ટ્રીય દૈનિક ૧૫૬.૩ મીમી વરસાદ માટે અગાઉના ઉચ્ચતમ સ્તરને તોડી નાખ્યું હતું. "મારી નીચે જમીન ધસી ગઈ, અને પાણી મારા ગળા સુધી ઉપર ચઢી ગયું. સદનસીબે, નજીકમાં એક લોખંડનો પાઈપ હતો. મેં મારી બધી શક્તિથી તેને પકડી રાખ્યું," લગભગ સંપૂર્ણપણે નાશ પામેલા એક રેસ્ટોરન્ટના માલિક આન્હ ગ્યોંગ-બુને કહ્યું.

## ઈઝરાયેલ દ્વારા ગાઝા પર ફરી હુમલો ૭૫ સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા

ગાઝા,તા. ૨૧



ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ (IDF) એ રવિવારે હમાસના વિકાસ અને પ્રોજેક્ટ્સ વિભાગના વરિષ્ઠ કમાન્ડર બશર થાબેટના મૃત્યુની પુષ્ટિ કરી. હમાસના શસ્ત્રો ઉત્પાદન અને સંશોધન કામગીરીની દેખરેખ રાખવા માટે જાણીતા થાબેટનું ગાઝામાં ચાલી રહેલા લશ્કરી અભિયાનના ભાગ રૂપે કરવામાં આવેલા લક્ષિત હડતાળ દરમિયાન મૃત્યુ થયું હતું. IDF અનુસાર, આ કાર્યવાહીમાં હમાસ દ્વારા ઉપયોગમાં લેવાતા હથિયારો ઉત્પાદન સ્થળો અને ટનલ શાફ્ટ સહિત મુખ્ય આતંકવાદી માળખાને નિશાન બનાવવામાં આવ્યું હતું. IDF નિવેદનમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે કે ઈઝરાયલી વાયુસેના (IAF) એ ગાઝામાં લગભગ ૭૫ લક્ષ્યોને સફળતાપૂર્વક નિશાન બનાવ્યા હતા, જેમાં લશ્કરી કમ્પાઉન્ડ અને સેલ સાઈટ્સનો સમાવેશ થાય છે. આ હુમલાઓનો હેતુ IDF દળો માટે તાત્કાલિક ખતરો ઉભો કરતા આતંકવાદી કામગીરીને તોડી પાડવાનો હતો, અધિકારીઓએ જણાવ્યું હતું. "અમે હમાસના લશ્કરી માળખાના નોંધપાત્ર ભાગને શોધી કાઢ્યો છે અને તેને નાશ કર્યો છે," IDF એ ઉમેર્યું. આ કાર્યવાહી ગાઝામાં તીવ્ર લડાઈ વચ્ચે કરવામાં આવી છે, જ્યાં માનવતાવાદી પરિસ્થિતિ સતત બગડી રહી છે.

### હોસ્પિટલમાં એક પણ દર્દી નથી આમ છતાં ઓપીડીનું રજીસ્ટર ઉભું કરાયું

# અમરેલીમાં આવેલી હોમિયોપેથીક હોસ્પિટલમાં કોઈ ડોક્ટર કે નર્સ ન હોવાનું ખુલતા ખળભળાટ

અમરેલી તા ૨૧

રાજ્યમાં ઘણીવાર નકલી સરકારી કર્મચારીઓ તેમજ બોગસ સરકારી ઓફિસો હોવાનું સામે આવ્યું છે ત્યારે અમરેલીમાં પણ ફક્ત કાગળ પર ચાલતી એક હોમિયોપેથીક હોસ્પિટલ કોઈ દર્દી, ડોક્ટર કે નર્સ વગર ધમધમી રહી હોવાનું સામે આવતા ખળભળાટ મચી ગયો છે. અમરેલીમાં આવેલી વી.એન. હોમિયોપેથીક કોલેજમાં લાખો રૂપિયાની ફી ભરી



માતા-પિતા પોતાના સંતાનો ડોક્ટર બની બહાર નીકળે તેવા સપના જોતા હોય છે પરંતુ હોસ્પિટલમાં પ્રેક્ટીકલ કરાવવાને બદલે ફક્ત મસમોટી ફી વસૂલ કરવામાં આવતી હોવાનું બહાર આવ્યું છે. મીડિયા દ્વારા અમરેલીમાં એક હોસ્પિટલની રિયાલિટી ચેક કરવામાં આવી હતી ત્યારે પત્રકારોએ જે દ્રશ્ય જોયું તેનાથી પત્રકારો ચોંકી ગયા હતા કારણ કે આ હોસ્પિટલમાં કોઈ ડોક્ટર કે નર્સ ન હોવાથી ફક્ત આ હોસ્પિટલ કાગળ પર ચાલતી હોય અને લાખો રૂપિયા વિદ્યાર્થીઓ પાસેથી વસૂલવામાં આવતા હોવાનું સામે આવ્યું છે. વી.એન. હોમિયોપેથીક હોસ્પિટલમાં કોઈ ડોક્ટર કે નર્સ તો હાજર નથી પરંતુ આ હોસ્પિટલમાં કોઈ દર્દી પણ હાજર ન હોવાથી દર્દીઓને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવતી હોવાનું દેખાડવા માટે ઓપીડીનું બોગસ રજીસ્ટર પણ ઊભું કરાયું હોવાનું સામે આવ્યું છે. હોસ્પિટલમાં શિક્ષણ આપવા માટે વિદ્યાર્થીઓ પાસેથી લાખો રૂપિયાની ફી વસૂલ કરવામાં આવે છે પરંતુ ડોક્ટર જ ન હોવાથી વિદ્યાર્થીઓ પ્રેક્ટિસ કઈ રીતે કરતા હશે તેવો પણ સવાલ ઉઠવા પામ્યો છે.

**હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ પણ નથી**

અમરેલીની વી.એન. હોમિયોપેથીક હોસ્પિટલમાં ડોક્ટર કે નર્સ તો નથી જ પરંતુ દર્દીઓને લઈ જવા માટે એમ્બ્યુલન્સ પણ નથી. આમ વિદ્યાર્થીઓ પાસેથી લાખો રૂપિયા ફી વસૂલ કરી વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની પ્રેક્ટિસ કરાવવામાં આવતી ન હોવાનું જાણવા મળ્યું છે.

**કેટલી હોસ્પિટલ કાગળ પર ચાલે છે તેની આરોગ્ય વિભાગ તપાસ કરે**

અમરેલીમાં આવેલી વી.એન. હોમિયોપેથીક હોસ્પિટલની આરોગ્ય વિભાગ દ્વારા હજુ સુધી કોઈ પણ પ્રકારની તપાસ હાથ ધરવામાં આવી નથી એટલે આરોગ્ય વિભાગ જિલ્લામાં આવી કેટલી હોસ્પિટલ માત્ર કાગળ પર જ ચાલી રહી છે તેની યોગ્ય તપાસ કરે તેવી માંગ કરવામાં આવી છે.

**હોમિયોપેથીક હોસ્પિટલની તપાસ કરાશે : જિલ્લા આરોગ્ય અધિકારી**

અમરેલીમાં હોમિયોપેથીક હોસ્પિટલ ડોક્ટર કે નર્સ વગર માત્ર કાગળ પર જ ચાલુ હોવાથી આ બાબતે અમરેલી જિલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર જોશી સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે વી.એન. હોમિયોપેથીક કોલેજની ફરિયાદ હજુ સુધી આવી નથી પરંતુ જો ત્યાં કોઈ બોગસ ડોક્ટર હશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે અને આ હોસ્પિટલમાં ડોક્ટર કે નર્સ છે કે નહીં તેની પણ તપાસ કરવામાં આવશે.

## રાજકોટ-અમદાવાદ હાઈ-વે પર અકસ્માતમાં મહિલાનું મોત, ૪ ઘાયલ

**મહિલાના મોતથી પરિવારમાં શોકનો માહોલ**

રાજકોટ,તા.૨૧

રાજકોટ-અમદાવાદ હાઈવે પર વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. ગઈકાલે સાંજે રાજકોટ-અમદાવાદ હાઈવે પર માલીયાસણ ગામ નજીક ઓવરબ્રિજ પર માતાજીના દર્શને જતા પરિવારની કારને ડમ્પરે અડફેટે લેતા એક મહિલાનું મોત નિપજ્યું હતું, જ્યારે નાની બાળકી સહિત ચાર લોકોને ઈજા પહોંચી હતી. ઉલ્લેખનીય છે કે રાજકોટના કોઠારીયા રોડ પર રહેતા બે પરિવારના સભ્યો કાળાસર હિંગળાજ માતાજીના મંદિરે દર્શન કરવા જતા હતા ત્યારે અકસ્માત સર્જાયો હતો. જેમાં મહિલાનું મોત થતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો હતો. મૃતક મહિલાનું નામ શીતલબેન જયેશભાઈ ભોજક (ઉં.વ.૪૨) છે અને તેને સંતાનમાં એક દીકરો અને એક દીકરી હોવાનું સામે આવ્યું છે.

## સાણંદના રિસોર્ટમાં જન્મદિનની પાર્ટીમાં દારૂની મહેફિલમાં ઝુમતા લોકો પર પોલીસ ત્રાટકી : ૪૦ બોટલ સાથે ૭ હુક્કા ઝડપાયા

અમદાવાદ,તા.૨૧

અમદાવાદ ગ્રામ્ય પોલીસે બાતમીના આધારે સાણંદના ગ્લેડ વન રિસોર્ટમાં રેડ પાડતા દારૂની મહેફિલનો પર્દાફાશ થયો છે. જન્મ દિવસ માટે યોજાયેલી આ પાર્ટીમાં આવેલા લોકોને ન માત્ર દારૂ પીરસવામાં આવતો હતો તેની સાથે હુક્કા પાર્ટીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસે ૩૦થી ૪૦ દારૂની બોટલ સાથે ૭ હુક્કા પણ કબજે કર્યા છે. આ હુક્કામાં કોઈ નશાયુક્ત વસ્તુ નાખીને વપરાઈ છે કે નહીં તેની વિગત




મેળવવા પોલીસ એફએસએલની મદદ લેશે. ફરી એકવાર ગાંધીના ગુજરાતમાં બેફામ અને બેરોકટોક દારૂ પીવાઈ રહ્યો છે તે સાબિત થયું છે. સાણંદમાં હાઈ પ્રોફાઈલ દારૂની મહેફિલનું આયોજન કરનારા પ્રતીક સાંઘી સાથે ૩૯ લોકોની સામે પોલીસે ગુનો નોંધ્યો છે. આ દારૂની મહેફિલમાં પોલીસ માટે પણ ચોંકાવનારી બાબત એ હતી કે, પકડાયેલા જે લોકો છે તેમાં ૨૬ યુવતીઓ દારૂ પીધેલી હાલતમાં મળી હતી. જેની સાથે ૧૩ યુવકો દારૂ પીધેલા મળ્યા હતા. જોકે પોલીસે પકડેલા ૩૯માંથી ૨૬ યુવતીઓને નોટિસ આપી છોડી મૂકી હતી. જ્યારે ૧૩ યુવકો સામે તપાસ શરૂ કરી છે.

## અમદાવાદની એર ઈન્ડિયા વિમાન દુર્ઘટના અંગે અમેરિકન મીડિયાના દાવાઓને નકારી કાઢ્યા

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૧

અમદાવાદમાં થયેલી એર ઈન્ડિયાની વિમાન દુર્ઘટના અંગે અમેરિકન મીડિયાના દાવાઓને નકારી કાઢતાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ કહ્યું છે કે તેઓ ભારતમાં ચાલી રહેલી તપાસ પ્રક્રિયા પર પૂરો વિશ્વાસ ધરાવે છે. મંત્રીએ જણાવ્યું હતું કે આ પહેલો પ્રસંગ છે જ્યારે બ્લેક બોક્સમાંથી ડેટાનું ડીકોડિંગ ભારતમાં સફળતાપૂર્વક કરવામાં આવ્યું છે. અગાઉ આવા



પ્રકારનો ડેટા વિદેશ મોકલવો પડતો હતો. "આ દેશ માટે મોટી ઉપલબ્ધિ છે કે હવે ટેકનિકલ રીતે અમે આ કાર્ય માટે આત્મનિર્ભર બની ગયા છીએ," એમ તેમણે ઉમેર્યું.

## કચ્છના ખાવડામાં ૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવતા લોકોમાં ભય : કેન્દ્રબિંદુ ૨૦ કિ.મી. દૂર હોવાનું જાણવા મળ્યું

(એચ.એસ.એલ),ભુજ,તા.૨૧

કચ્છના ખાવડામાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રાત્રે ૯:૪૭ વાગે આંચકો અનુભવાયો હતો. ૪ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. જ્યારે કેન્દ્રબિંદુ ખાવડાથી ૨૦ કિ.મી. દૂર હોવાનું જાણવા મળ્યું છે. કચ્છમાં ભૂકંપના કંપન હવે નિત્યક્રમ બની ગયો છે. વર્ષ ૨૦૦૧માં આવેલા વિનાશકારી ભૂકંપ બાદ કચ્છમાં નાના નાના ભૂકંપ સામાન્ય થઈ ગયા છે. મહિનામાં ૨થી ૪ની તીવ્રતાના અનેક આંચકાઓ આવે છે. પણ વારંવાર ભૂકંપના આંચકા આવવાનું કારણ શું છે? વર્ષ ૨૦૧૫માં મિનિસ્ટ્રી ઓફ સાયન્સે કચ્છની પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીને




ભૂકંપના સંશોધન માટે સૂચનાઓ આપી હતી. અલગ અલગ ૮ જેટલા પ્રોજેક્ટથી એ સમજવાનો પ્રયાસ થઈ રહ્યો છે કે કઈ ફોલ્ટલાઈનથી ક્યારે ભૂકંપ આવશે. સાથે જ ભૂકંપની તીવ્રતા અને નુકસાનીના અનુમાનને લઈને પણ અભ્યાસ થઈ રહ્યો છે. કચ્છના વાગડ વિસ્તારમાં અવાર-નવાર ભૂકંપના આંચકા અનુભવાતા હોય છે. વાગડમાં સાઉથ વાગડ ફોલ્ટલાઈન અને કચ્છ મેઈન ફોલ્ટલાઈનનો સંગમ થાય છે, જેથી આ બે લાઈન મળવાથી રાપર, ભચાઉ પાસે અવાર-નવાર ભૂકંપના આંચકા નોંધાતા હોય છે. છેલ્લા કેટલાક સમયથી વાગડ વિસ્તારમાં જે ફોલ્ટલાઈન છે તે વધુ સક્રિય થઈ અને તેના પર જ આંચકાઓ નોંધાઈ રહ્યા છે.

## 'રોડ નહી તો ટોલ નહી' વિરોધ કરી રહેલા ૧૫ આગેવાન અને કાર્યકર્તાઓની અટકાયત

રાજકોટ,તા.૨૧

રાજકોટ-જેતપુર સિક્સલેન હાઈવેની નિર્માણ કામગીરી શરૂ છે અને આ કામગીરી છેલ્લા એકાદ વર્ષથી સૌરાષ્ટ્રવાસીઓ માટે માથાના દુઃખાવા સમાન બની ગઈ છે. રાજકોટ કલેક્ટર દ્વારા સંબંધિત વિભાગના અધિકારીઓને સાથે રાખી આ હાઈવેની કામગીરીનું નિરીક્ષણ કરી વાહનચાલકોને પડતી મુશ્કેલીઓ



અંગે સમીક્ષા કરીને તેમને યોગ્ય નિરાકરણની ખાતરી આપી હતી, પરંતુ સમસ્યાનો કોઈ ઉકેલ આજે પણ જોવા નથી મળી રહ્યો. છેલ્લા ત્રણ દિવસથી રાજકોટ ગોંડલ વચ્ચે ઠેર ઠેર કિલોમીટરોના ટ્રાફિક ચક્કાજામનાં દશ્યો સામે આવી રહ્યાં છે. ત્યારે ૨૧ જુલાઈએ હાઈવે હક્ક સમિતિએ ચક્કાજામ કરી વિરોધ દર્શાવી ઘોર નિદ્રામાં સૂતેલા તંત્રને જગાડવાનો પ્રયાસ કર્યો હતો. દરરોજ કલાકોના ટ્રાફિકજામ, જીવલેણ અકસ્માતો અને બિનકાયદે વસૂલાતા ટોલ સામે વિરોધ સાથે એક જ માગ છે કે "રોડ નહીં તો ટોલ નહીં". વિરોધ દરમિયાન ૧૫ આગેવાન અને કાર્યકર્તાની આજી ડેમ પોલીસે અટકાયત કરી હતી.

### શિયાળબેટમાં બે જૂથ વચ્ચે મારામારી થયા બાદ

## રાજુલા હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ પર હુમલો

રાજુલા,તા.૨૧

જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ગામના બે જૂથો વચ્ચે થયેલી મારામારી બાદ રાજુલા હોસ્પિટલમાં મોટો હોબાળો થયો હતો. મારામારીમાં ઘાયલ થયેલા લોકોને રાજુલા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ૧૦થી ૧૫ લોકોનું ટોળું લાકડી અને ધોકા સાથે હોસ્પિટલમાં ઘૂસી આવ્યું હતું.



તસવીર : ગોપાલ રાઠોડ

હુમલાખોરોએ હોસ્પિટલમાં તોડફોડ કરી હતી અને સારવાર લઈ રહેલા દર્દીઓ પર પણ હુમલો કર્યો હતો. આ ઘટનામાં વકીલ અરવિંદ ખુમાણ, મંજુબહેન લાખાભાઈ શિયાળ (ઉંમર ૩૮), કિશન લાખાભાઈ શિયાળ (ઉંમર ૩૮), હોસ્પિટલ સ્ટાફ દિનેશભાઈ ચતુરભાઈ અને શિયાળબેટની મારામારીમાં ઘાયલ થયેલા સાગરભાઈ લાખાભાઈ શિયાળ સહિત ૫થી વધુ લોકો ઘાયલ થયા હતા. તમામ હાલ રાજુલા સરકારી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. રાજુલા ASP વલય વૈદ્ય હોસ્પિટલ પહોંચ્યા હતા અને પ્રાથમિક

**ઘટનાની જાણ થતા એએસપી સહિતનો પોલીસ કાફલો દોડ્યો**

તપાસમાં છકડાના ભાડા બાબતે ઝઘડો થયો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આરોપીઓને ઝડપી પાડવા માટે વિવિધ ટીમો બનાવી છે. આ ઘટના બાદ રાજુલા હોસ્પિટલમાં ભયનો માહોલ સર્જાયો હતો.

## ભાવનગરના કરચલિયાપરામાં યુવાનની ઘાતકી હત્યા, બે દિવસમાં બે હત્યાથી શહેરમાં ભયનો માહોલ છવાયો

(એચ.એસ.એલ),ભાવનગર,તા.૨૧

ભાવનગર શહેરના કરચલિયાપરા વિસ્તારમાં આવેલા મેલડીની ધાર નજીક રહેતા એક યુવાનની નિર્મમ હત્યાની ઘટનાએ શહેરમાં ચકચાર મચાવી દીધી છે. ઘટનાની જાણ થતાં જ ભાવનગર પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ફોરેન્સિક પુરાવાઓ




એકત્રિત કરવાની કાર્યવાહી શરૂ કરી અને હત્યાના કારણો જાણવા માટે તપાસ હાથ ધરી છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે બે દિવસ પહેલા ભાવનગરના ઘોઘા પંથકમાં પણ એક યુવાનની હત્યાની ઘટના બની હતી, જેમાં સામાન્ય બોલાચાલીએ જીવલેણ સ્વરૂપ લીધું હતું. બે દિવસમાં બે હત્યાની ઘટનાઓથી શહેરના નાગરિકોમાં ભયનો માહોલ ફેલાયો છે. આ ઘટનાઓએ પોલીસની કામગીરી અને શહેરની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર પણ સવાલો ઉભા કર્યા છે.






## સ્વામિત્વ યોજનામાં મિલકત ધારકોને સનદ વિનામૂલ્યે અપાશે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર,તા.૨૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારના મિલકત ધારકો માટે સંવેદનાસ્પર્શી નિર્ણય કર્યો છે. હવેથી 'સ્વામિત્વ' યોજનામાં મિલકત ધારકોને સનદ વિનામૂલ્યે અપાશે. રૂ. ૨૦૦ ફી ચૂકવવી નહીં પડે. મિલકત ધારકોને સનદ મેળવવાના નાણાંકીય ભારણથી મુક્તિ મળશે. અંદાજે ૨૫ લાખ લોકોને તેનો લાભ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારોના મિલકત ધારકો



ઉપર સનદ લેવા માટે જે નાણાંકીય ભારણ પડતું હતું તે દૂર કરવાના સંવેદનાસ્પર્શી અભિગમથી આ નિર્ણય કર્યો છે. ભારત સરકારના પંચાયતી રાજ વિભાગ દ્વારા ગ્રામીણ વિસ્તારોના મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડ આપવાના આશયથી આ સ્વામિત્વ યોજના શરૂ કરવામાં આવી છે. આ 'સર્વે ઓફ વિલેજીસ એન્ડ મેપિંગ વિથ ઈમ્પ્રોવાઈઝ્ડ ટેકનોલોજી ઈન વિલેજ એરીયા(સ્વામિત્વ)' અન્વયે ડ્રોન ટેકનોલોજી દ્વારા ગ્રામીણ વિસ્તારોના આબાદી એરિયાની મિલકતોનો ડ્રોન સર્વે કરીને ગ્રામ્ય પ્રજાને પ્રોપર્ટી કાર્ડ પૂરા પાડવામાં આવે છે. આવા પ્રોપર્ટી કાર્ડની પ્રથમ નકલ મિલકત ધારકોને વિનામૂલ્યે આપવામાં આવે છે.